# આત્મધર્મ

## વર્ષ ૩૧

## સળંગ અંક ૩૬૯

### Version History

| Version Number | Date | Changes |
|---|---|---|
| 001 | Apr 2005 | First electronic version. |

## મહાવીર નિર્વાણનું અઢીહજારમું મંગલવર્ષ




# ચાલો, જઈએ ચારિત્રના પંથે -

હે માતા! મેં મારા શુદ્ધચૈતન્યસ્વરૂપની અનુભૂતિ કરી છે, તે સ્વરૂપને વધારે સાધવા, હું મારા ચૈતન્યધામમાં જઈને ઠરવા માંગું છું, તે માટે હે માતા! હું હવે આ મોહ છોડીને શુદ્ધોપયોગી ચારિત્રદશા અંગીકાર કરવા જાઉં છું...તું મને આનંદથી રજા આપ. જ્ઞાની-પુત્ર પોતાની માતા પાસે આ રીતે વૈરાગ્યપૂર્વક રજા માંગતા હોય-તે પ્રસંગે કેવો હશે! અહા, ધન્ય અવસર! પોતાનું જેને હિત કરવું હોય તેને આ જ માર્ગે જવાનું છે. અહો, મોક્ષનો આવો પ્રસિદ્ધ વીતરાગમાર્ગ, તે સંતોએ આ પંચમકાળમાંય પ્રસિદ્ધ કર્યો છે. આચાર્યદેવ પ્રવચનસારમાં કહે છે કે-શુદ્ધોપયોગરૂપ વીતરાગ-ચારિત્રવડે મારા આત્માને મેં ભવદુઃખથી છોડાવ્યો છે, તેમ બીજા જે આત્માઓ પણ આ ભવદુઃખથી છૂટવા માંગતા હોય, ને ચૈતન્યની પરમ વીતરાગી શાંતિને ચાહતા હોય તેઓ પણ આવું ચારિત્ર અંગીકાર કરો....તે માર્ગ અમે જોયેલો-અનુભવેલો છે, તે માર્ગના પ્રણેતા અમે આ રહ્યા! અહા! આચાર્યદેવ જાણે સામે જ વિદ્યમાન હોય! ને ધર્માત્માજીવોને ચારિત્ર દેતા હોય! એવા અલૌકિક ભાવથી ચારિત્રનું વર્ણન કર્યું છે.

**વાહ રે વાહ! એ ચારિત્રદશા! ધન્ય દશા! એ ધર્માત્માજીવોનો મનોરથ છે. ચાલો જઈએ...ચારિત્રના પંથે...મોક્ષના મારગે.**

તંત્રી : પુરુષોત્તમદાસ શિવલાલ કામદાર * સંપાદક : બ્ર. હરિલાલ જૈન
વીર સં. ૨૫૦૦ અષાઢ ( લવાજમ : ચાર રૂપિયા ) વર્ષ ૩૧ : અંક ૯

# સમ્પાદકીય

વહાલા સાધર્મીબંધુઓ, વીરનાથ ભગવાનના મોક્ષગમનનું આ અઢીહજારમું વર્ષ ચાલી રહ્યું છે. દીવાળીએ પ્રભુના મોક્ષગમનને અઢીહજાર વર્ષ પૂરાં થશે ને સમસ્ત જૈનસમાજ મહાન જાગૃતીપૂર્વક એ મંગલ-મહોત્સવ ભારતભરમાં એક વર્ષ સુધી ઉજવશે. પ્રભુના મોક્ષના પચીસસો વર્ષની પૂર્ણતાનો આવો ભવ્ય ઉત્સવ આપણા જીવનકાળ દરમિયાન ઉજવવાનો ઉત્તમ અવસર આવ્યો-એ આપણા ધન્ય ભાગ્ય છે. આ અવસરમાં વીરશાસન શોભી ઊઠે તેવું કરીએ, ને દેવ-ગુરુ-ધર્મની સેવાપૂર્વક આત્મહિતનો મહાન લાભ લઈએ.

મારા સુભાગ્યે મને ગુરુદેવના ચરણમાં રહેવાનો, ને આવા ધન્ય અવસરો જોવાનો લાભ મળ્યો. ગુરુદેવના ચરણમાં આવ્યાને મને ૩૧ વર્ષ થયા; એટલા વર્ષોથી આત્મધર્મના લેખન-સંપાદન દ્વારા જિનવાણીની સેવાનું મને સૌભાગ્ય મળ્યું, ને મેં મારી સંપૂર્ણ હાર્દિક ભાવનાથી ગુરુદેવના ભાવો ઝીલીને તે કામ ૩૧ વર્ષથી સંભાળ્યું છે. સાધર્મીપાઠકો તરફથી પણ મને ખૂબ પ્રેમ અને સહકાર મળ્યો છે. આજે મારા સાધર્મી પાઠકો પ્રત્યે ગદગદિત હૃદયે લખું છું કે હવે મારી ઉમર પચાસ વર્ષ થઈ ગઈ છે, ને વિશેષ નિવૃત્તિ માટે મારી ભાવના છે; એટલે હવે આત્મધર્મ-માસિકની જવાબદારીથી હું નિવૃત્ત થાઉં ને બીજા કોઈ નવા ઉત્સાહી ભાઈ આ કાર્ય સંભાળે-એવી મારી ભાવના છે. જે સોનગઢમાં કાયમ રહી શકે, ગુરુદેવ જે અપૂર્વ અધ્યાત્મતત્ત્વ સમજાવે છે તે સમજી શકે, અને ગુરુદેવનાં પ્રવચનોનું લેખન તથા આત્મધર્મનું સંપાદન કરી શકે, એવા સાહિત્યકાર અને તત્ત્વપ્રેમી કોઈ ઉત્સાહી જૈન ભાઈ, આ કાર્ય ઉલ્લાસથી સંભાળવા તૈયાર થશે તો આનંદ થશે. ઉત્સાહી બંધુઓ, આગળ આવો....ને જૈનધર્મ પ્રચારના આ મહાન કાર્યમાં રસ લ્યો. ભાવપૂર્વક જિનવાણીની નિરંતર સેવાથી તમને જરૂર લાભ થશે. જિનવાણીની આવી સેવાનો સુઅવસર મહાભાગ્યે જ હાથમાં આવે છે. જેઓ આ કામ સંભાળવા ખુશી હોય તેમને છમાસ સુધી સંપાદક લેખનકાર્યમાં પૂરો સાથ આપશે. તો જેમની ભાવના હોય તેમણે સંસ્થાના માનનીય પ્રમુખશ્રીનો સંપર્ક સાધવો.

( -બ્ર. હ. જૈન )

વાર્ષિક લવાજમ
ચાર રૂપિયા
વર્ષ ૩૧
અંક ૯

આત્મધર્મ ૨૫૦૦

વીર સં. ૨૫૦૦
અષાઢ
ઈ. સ. 1974
JULY

# જૈન એટલે જિનદેવનો ઉપાસક, તે કુદેવને કદી સેવે નહીં

ધર્મીજીવ વીતરાગ સર્વજ્ઞદેવને અને તેમના કહેલા જૈનમાર્ગને જ ઉપાસે છે; કુદેવાદિને સ્વપ્ને પણ ઊપાસતો નથી. અરે ભાઈ! જૈન થઈને તું તારા ભગવાનને પણ ન ઓળખ, ને બીજાને માન, તો તું જૈન શેનો? જૈન પોતાના સર્વજ્ઞ-વીતરાગ-અરિહંત અને સિદ્ધભગવાન સિવાય બીજાને તો, માથું જાય તોપણ દેવ તરીકે માને નહિ. જેને પોતાના હિત-અહિતનો વિચાર નથી, સ્વ-પરની ભિન્નતાનું ભાન નથી, સર્વજ્ઞદેવ તથા કુદેવ વચ્ચેનો વિવેક નથી, એવા મિથ્યાદ્રષ્ટિ જીવો પોતે અંધ છે, સાચો માર્ગ તેમણે જોયો નથી, તો બીજાને તેઓ સાચો માર્ગ ક્યાંથી બતાવી શકે? અને એવા અંધને અનુસરનારા જીવો સાચો માર્ગ ક્યાંથી પામી શકે? જેણે પોતે કદી માર્ગ દેખ્યો નથી એવો આંધળો બીજા આંધળાને કહે કે તું આ માર્ગે આવ! એની જેમ મિથ્યાદ્રષ્ટિજીવ-કે જેણે કદી આત્મા જાણ્યો નથી, મોક્ષમાર્ગ દેખ્યો નથી, સમ્યગ્જ્ઞાનચક્ષુ જેને ઊઘડયા નથી એવા અંધ જીવે બતાવેલા માર્ગથી અજ્ઞાનીઓ મોક્ષનો સાચો માર્ગ કઈ રીતે પામશે? રાગથી ધર્મ મનાવે, શરીરની જડક્રિયાને આત્માની મનાવે,-એ તો બધી વાત આંધળાએ બતાવેલા માર્ગ જેવી મિથ્યા છે, ને તે સંસારના કુવામાં પાડનારી છે. જેઓ સર્વજ્ઞ પરમાત્માને ઓળખતા નથી, આત્મા શું તે જાણતા નથી-એવા મિથ્યાદ્રષ્ટિ જીવોએ બતાવેલા કુમાર્ગને હે ભવ્ય! તું માનીશ નહીં, એ માર્ગે જઈશ નહીં. સર્વજ્ઞના માર્ગને ઓળખીને ભક્તિથી તેનું સેવન કરજે. સર્વજ્ઞદેવના માર્ગને ઓળખીને સ્વ-પરનો વિવેક કરવો, અને સ્વતત્ત્વનો પરિચય તથા અનુભવ કરવો, તે દરેક જૈન-શ્રાવકનું કર્તવ્ય છે.

# બંધ-મોક્ષનાં કારણનો એક જ નિયમ

**એક જ જીવને એક જ કાળે જ્ઞાનધારા ને કર્મધારા;
બંને ધારા એક સાથે હોવા છતાં તેમને કર્તા-કર્મપણું નથી.
શુદ્ધજ્ઞાનધારા બધા જીવોને મોક્ષનું જ કારણ થાય છે;
ને રાગધારા બધા જીવોને બંધનું જ કારણ થાય છે.**
બંધ–મોક્ષનો આ નિયમ બધા જીવોને માટે એકસરખો છે.

જ્ઞાનીની દશા સંબંધમાં અને બંધ–મોક્ષના કારણ સંબંધમાં સામાન્યપણે જીવો બે પ્રકારની ભૂલ કરે છે–

* એક તો એમ માને છે કે જ્ઞાનીને શુભાશુભરાગ સર્વથા હોય જ નહિ;
* અને બીજા એમ માને છે કે જ્ઞાનીને જે શુભરાગ હોય તે મોક્ષનું કારણ થાય.

–આ બંને માન્યતા ભૂલભરેલી છે; અને તેવી માન્યતાવાળા જીવે જ્ઞાનીની જ્ઞાનદશાને ઓળખી નથી, તથા જ્ઞાનધારા અને રાગધારા બંનેની અત્યંત ભિન્નતાને, તેમ જ તેમના અત્યંત ભિન્ન ફળને પણ તે ઓળખતો નથી.–આ ઓળખાણ અત્યંત મહત્ત્વની છે ને જીવને અપૂર્વ ભેદજ્ઞાનનું તે કારણ થાય છે. તેથી તે સંબંધી સુંદર સ્પષ્ટીકરણ જે કળશટીકા કળશ ૧૧૦ માં કર્યું છે તે અહીં આપવામાં આવ્યું છે. મુમુક્ષુઓએ આ ઉપયોગી વિષયને બરાબર લક્ષગત કરવા જેવો છે.

( –સં. )

**[ સમયસાર-કળશ ૧૧૦ ઉપરના પ્રવચનમાંથી ]**

સમ્યગ્દ્રષ્ટિ–જ્ઞાનીને શ્રદ્ધા–જ્ઞાનાદિનું જે શુદ્ધપરિણમન છે તે તો મોક્ષનું કારણ છે; અને તેની સાથે જેટલી શુભાશુભ–રાગની ક્રિયાઓ છે તે બધી બંધનું જ કારણ થાય છે.

ટીકાકાર જ્ઞાન અને રાગની અત્યંત ભિન્નતા બતાવીને શુભરાગને પણ મોક્ષમાર્ગથી વિરુદ્ધ કામ કરનાર બતાવે છે. ભાઈ, તું રાગને મોક્ષમાર્ગ માનીશ તો તને ભ્રાંતિ થશે. શુભરાગ ભલે જ્ઞાનીનો હોય તોપણ તે બંધનું જ કારણ છે, મોક્ષનું કારણ નથી.

અજ્ઞાનીનો શુભરાગ તો બંધનું કારણ થાય, પણ જ્ઞાનીનો શુભરાગ તો મોક્ષનું કારણ થતો હશે!–એમ કોઇ માને તો તે ભ્રાન્તિ છે. ભાઈ, બંધ–મોક્ષના કારણનો સિદ્ધાંત તો બધા જીવોને માટે સરખો જ હોય. એક જીવને જે બંધનું કારણ હોય–તે બધા જીવોને બંધનું કારણ થાય; એક જીવને જે મોક્ષનું કારણ હોય–તે બધા જીવોને મોક્ષનું કારણ થાય. એક જ ભાવ કોઈને બંધનું કારણ થાય ને કોઈને મોક્ષનું કારણ થાય–એમ બની શકે નહિ. બંધ–મોક્ષનો નિયમ બધા જીવોને માટે સરખો જ હોય.

ઘણા જીવો એમ ભ્રાંતિ કરે છે કે મિથ્યાદ્રષ્ટિનું યતિપણું જે શુભક્રિયારૂપ છે તે તો બંધનું કારણ છે, પણ સમ્યગ્દ્રષ્ટિનું જે યતિપણું શુભક્રિયારૂપ છે તે મોક્ષનું કારણ છે;– કારણ કે અનુભવજ્ઞાન તથા દયા–વ્રત–તપ–સંયમરૂપ શુભક્રિયા–તે બંને મળીને જ્ઞાનાવરણાદિ કર્મનો ક્ષય કરે છે.–આવી પ્રતીતિ કેટલાક અજ્ઞાની જીવો કરે છે.

અહીં આચાર્યદેવ સમજાવે છે કે હે ભાઈ! જેટલી શુભ–અશુભક્રિયા છે, તે બધી બંધનું જ કારણ છે–એવો જ તેનો સ્વભાવ છે;–તેમાં કાંઈ મિથ્યાદ્રષ્ટિને અને સમ્યગ્દ્રષ્ટિને ભેદ નથી; એટલે કે મિથ્યાદ્રષ્ટિને તો તે બંધનું કારણ થાય ને સમ્યગ્દ્રષ્ટિને તે મોક્ષનું કારણ થાય–એવો કોઈ તફાવત નથી. સમ્યગ્દ્રષ્ટિ હો કે મિથ્યાદ્રષ્ટિ હો,–બંનેને જેટલા શુભાશુભ કરતૂત છે તે તો બંધનું કારણ થાય છે. મોક્ષનું કારણ તો માત્ર શુદ્ધસ્વરૂપ–પરિણમન જ છે. હવે સમ્યગ્દ્રષ્ટિની વિશેષતા એટલી છે કે તેને શુભા–શુભપરિણામની ક્રિયા વખતે જ ભેદજ્ઞાનવડે શુદ્ધાત્માના સંચેતનરૂપ શુદ્ધપરિણમન પણ વર્તે છે, તે શુદ્ધિપરિણમન તો તેને મોક્ષનું કારણ થાય છે, તે જરાપણ બંધનું કારણ થતું નથી; અને તે જ વખતે તેને જે શુભાશુભભાવરૂપ અશુદ્ધપરિણમન છે તે બંધનું કારણ થાય છે.–આમ બંને ધારા ધર્મીને એક સાથે વર્તે છે. બંનેને સાથે હોવામાં વિરોધ નથી પણ બંનેનાં કાર્ય તદ્ન જુદાં છે. તે જુદાપણાને અજ્ઞાની જાણતો નથી એટલે તે બંધના કારણને મોક્ષનું કારણ માનીને તેને સેવે છે.

જ્ઞાની બંધનાં કારણને બંધનું કારણ જાણે છે, ને મોક્ષના કારણને મોક્ષનું કારણ જાણે છે, તેમને એકબીજામાં જરાપણ ભેળવતો નથી. પુરુષાર્થસિદ્ધિઉપાયમાં

અમૃતચંદ્રસ્વામીએ ( ગા. ૨૧૨–૨૧૩–૨૧૪ માં ) આ વાત અત્યંત સ્પષ્ટ સમજાવી છે કે આ આત્માને જે અંશથી સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર છે તે અંશથી તેને બંધન થતું નથી; અને જે અંશથી તેને રાગ છે તે અંશથી તેને બંધન થાય છે.

येनांशेन सुदृष्टि: तेन अंशेन अस्य बन्धनं नास्ति।
येनांशेन तु राग: तेन अंशेन अस्य बन्धनं भवति।।

( આ રીતે सुदृष्टि ની જેમ જ્ઞાન અને ચારિત્રની ગાથાઓ પણ સમજી લેવી. )

સમ્યગ્દ્રષ્ટિ જીવને શુદ્ધજ્ઞાન અને રાગાદિ ક્રિયા બંને એકસાથે છે. અજ્ઞાની પૂછે છે કે જો શુભક્રિયા પણ મોક્ષનું કારણ નથી, એકલા બંધનું જ કારણ છે, તો પછી સહારો કોનો રહ્યો ? તેનો ખુલાસો એ છે કે હે ભાઈ ! જ્ઞાનીની દશાની તને ખબર નથી. જે કાળે શુભાશુભરાગ–ક્રિયા વર્તે છે તે જ કાળે સમ્યગ્દ્રષ્ટિને શુદ્ધસ્વરૂપના અનુભવનું જ્ઞાન પણ વર્તે છે, ને તે શુદ્ધજ્ઞાનનો જ સહારો છે, તે જ મોક્ષનું કારણ થાય છે. જે કાળે રાગ છે તે કાળે જ શુદ્ધજ્ઞાનથી ધર્મીને કર્મનો ક્ષય થાય છે.

અહો ! જુઓ આ જ્ઞાનીની અદ્ભુત દશા ! એક તરફથી બંધન થાય છે, ને એક તરફ તે જ વખતે મોક્ષ પણ થતો જાય છે. ધર્મીની આવી આશ્ચર્યકારી દશા છે. વીતરાગતા અને કેવળજ્ઞાન ન થાય ત્યાંસુધી સાધકદશામાં રાગાદિ ક્રિયાના પરિણામ તથા આત્માના શ્રદ્ધા–જ્ઞાન–આનંદના શુદ્ધપરિણામ–એ બંનેનું એક જ કાળે એક જ પર્યાયમાં અસ્તિત્વ છે, એક પર્યાયમાં બંનેને સાથે રહેવાનો વિરોધ નથી; રાગ સાથે રહે તેથી જ્ઞાન કાંઈ અજ્ઞાનરૂપ કે રાગરૂપ થઈ જતું નથી; ને જ્ઞાન સાથે શુભરાગ રહે તેથી કાંઈ તે રાગ મોક્ષનું સાધન થઈ જતો નથી. જ્ઞાનીને એક જ કાળે જ્ઞાનની શાંતિનું વેદન, ને રાગાદિની અશાંતિનું વેદન, વર્તે છે.–સાધકદશામાં સાધકભાવ ને બાધકભાવ બંને એકસાથે હોવાથી આ વાતમાં કોઈ વિરોધ નથી. એક જ જીવમાં એકકાળે બંને ધારાનું અસ્તિત્વ, અને છતાં બંનેનું સ્વરૂપ તદ્ન જુદું, એક મોક્ષની ક્રિયા ને બીજી બંધની ક્રિયા;–એને જ્ઞાની જ ઓળખી શકે છે. જ્ઞાનીની આવી દશાની સાચી ઓળખાણ કરે તેને જ્ઞાન અને રાગનું ભેદજ્ઞાન જરૂર થાય.

જ્ઞાન ને રાગ જોકે એકબીજાથી વિરુદ્ધ સ્વભાવવાળાં છે, જ્ઞાનમાં રાગ નથી, રાગમાં જ્ઞાન નથી,–એમ બંને એકબીજાથી તદ્ન વિરોધી હોવા છતાં, એક ઠેકાણે બંનેને સાથે રહેવામાં તેઓ વિરોધ કરતા નથી, બંને પોતપોતાના સ્વરૂપે રહે

છે બંનેના સ્વરૂપમાં વિરોધ છે, પણ સહ–અસ્તિત્વમાં વિરોધ નથી. કેટલોક કાળ ( એટલે કે સાધકદશા હોય ત્યાંસુધી ) તેઓ સાથે રહી શકે છે.

જોકે શુદ્ધજ્ઞાનધારા અને રાગધારા બંનેનું ફળ એકબીજાથી વિરુદ્ધ છે; જ્ઞાનધારાનું ફળ મોક્ષ છે, ને રાગધારાનું ફળ બંધન છે; એ રીતે સ્વરૂપથી બંનેને વિપરીતતા છે, તોપણ શુદ્ધજ્ઞાનને અને રાગાદિને એક જીવમાં એકસાથે રહેવામાં કાંઈ વિરોધ નથી. જાત જુદી હોવા છતાં બંને સાથે રહી શકે છે. જેમ કે ચોથા ગુણસ્થાને ક્ષાયિકસમ્યક્ત્વરૂપ જ્ઞાનધારા વર્તતી હોય, ને તે જ વખતે તે જ જીવને અવ્રતાદિરૂપ રાગધારા પણ વર્તતી હોય, ત્યાં તે રાગધારા કાંઈ ક્ષાયિકસમ્યક્ત્વનો નાશ કરતી નથી; તેમજ તે રાગધારા કાંઈ મોક્ષનું કારણ પણ થતી નથી. મોક્ષનું કારણ જ્ઞાનધારા છે, તે બંધનું જરાય કારણ નથી; અને રાગધારા બંધનું કારણ છે, તે જરાય મોક્ષનું કારણ થતી નથી. સાથે હોવા છતાં બંને ધારા પોતપોતાના સ્વરૂપે રહે છે, એકબીજામાં ભળતી નથી.

અહો, આચાર્યભગવાને જ્ઞાનધારા અને રાગધારાનું, ( મોક્ષકારણ ને બંધકારણનું ) કેવું સ્પષ્ટ ભેદજ્ઞાન કરાવ્યું છે ! આ પ્રમાણે ઓળખે તો મોક્ષમાર્ગમાં કાંઈ ભ્રમ ન રહે. તેને ભેદજ્ઞાન થાય, ને પોતામાં ચૈતન્યભાવને રાગાદિથી અત્યંત જુદો અનુભવતો થકો તે જીવ મોક્ષમાર્ગમાં જાય.

એ જ રીતે, જ્ઞાનીને શુભાશુભરાગમાં દુઃખનું વેદન સર્વથા હોય જ નહિ–એમ એકાંત નથી; જ્ઞાનીનેય જેટલો રાગ છે તેટલું તો દુઃખનું જ વેદન છે ને તે તો બંધનું જ કારણ છે;–પણ તે જ વખતે જ્ઞાનીને જ્ઞાનના અનુભવરૂપ જે શુદ્ધ જ્ઞાનધારા વર્તે છે તેમાં તો શાંતિનું જ વેદન છે. તે જ્ઞાનધારાની શાંતિને તો તે રાગ નાશ કરતો નથી, તે જ્ઞાનધારા રાગના વેદન વગરની છે. જેટલી જ્ઞાનધારા છે તે તો આનંદરૂપ છે, તેમાં દુઃખ કે રાગનું વેદન નથી; આ રીતે સાધક જીવમાં તે કાળે રાગ અને જ્ઞાનને સાથે રહેવામાં વિરોધ નથી.–પરંતુ તેમાં જ્ઞાન રાગને કરે, કે રાગ જ્ઞાનને કરે–એવું કર્તાકર્મપણું તેમને નથી, ભિન્નપણું જ છે;–કાળથી કે ક્ષેત્રથી ભિન્ન નથી પણ ભાવથી ભિન્ન છે–સ્વરૂપે ભિન્ન છે. આવું ભિન્ન સ્વરૂપ ઓળખતાં રાગના કર્તૃત્વથી છૂટીને જ્ઞાન પોતાના સહજ જ્ઞાનસ્વરૂપમાં પરિણમતું થકું ને શાંતરસને વેદતું થકું મોક્ષને સાધે છે.

**卐 શાંતરસને વેદનારી જ્ઞાનધારા જયવંત વર્તો. 卐**

# દેવ-ગુરુ-શાસ્ત્રની સમ્યક્ ઉપાસના જ્ઞાનવડે થાય છે, રાગ વડે નહિ.

દેવપૂજા, ગુરુસેવા અને શાસ્ત્રસ્વાધ્યાય વગેરે શ્રાવકનાં હંમેશનાં કર્તવ્ય કહ્યાં છે; પણ દેવ કેવા હોય અને તેમણે કહેલું આત્મસ્વરૂપ કેવું છે? ગુરુ કેવા હોય ને તેઓ કેવા ભાવ વડે આત્માને સાધે છે? ને શાસ્ત્રોએ આત્માનું સ્વરૂપ તથા મોક્ષનો માર્ગ કેવો બતાવ્યો છે? તેની ઓળખાણ કરે તો જ દેવ–ગુરુ–શાસ્ત્રની સમ્યક્ ઉપાસના થાય. ઓળખ્યા વગર એકલા શુભરાગથી દેવ-ગુરુ-શાસ્ત્રની ઉપાસનાનું સાચું ફળ આવતું નથી. અહા, સર્વજ્ઞદેવ કોને કહેવાય? એને ઓળખતાં તો આત્માનું પરમાર્થસ્વરૂપ ઓળખાઈ જાય, ને સમ્યગ્દર્શન થઈ જાય. પણ એવી ઓળખાણ શુભરાગ વડે નથી નથી; જ્ઞાનવડે જ ઓળખાણ થાય છે. તે જ્ઞાનનું અને રાગનું કાર્ય તદ્દન જુદું–જુદું છે. 'રાગવડે જે અરિહંતને પૂજે છે તે આત્માને જાણે છે'–એમ નથી કહ્યું પણ 'જ્ઞાનવડે જે અરિહંતને ઓળખે છે તે આત્માને જાણે છે ને સમ્યગ્દર્શન પામે છે ' એમ–કુંદકુંદસ્વામીએ કહ્યું છે.

અરિહંતપ્રત્યેનો પૂજાદિ શુભરાગ તે તો પુણ્યબંધનું કારણ છે, તે રાગ વડે કાંઈ આત્મા ન ઓળખાય, કે તેનાથી ભવનો અંત ન આવે; પણ રાગથી પાર એવા અરિહંતના આત્માના શુદ્ધ દ્રવ્ય–ગુણ–પર્યાયનું સાચું જ્ઞાન કરતાં, રાગ અને જ્ઞાનનું ભેદજ્ઞાન થઈ જાય છે ને આત્માનું સાચું સ્વરૂપ ઓળખાય છે; તે જ્ઞાનથી ભવનો અંત આવે છે. ધર્મીનેય પૂજાદિનો શુભરાગ હોય છે પણ તેનું જેટલું માપ છે તેટલું તે જાણે છે.

અહો, જે ભગવંતોએ, જે ગુરુઓએ આવું અદ્ભુત મારું સ્વરૂપ મને સમજાવ્યું, અનંતકાળના ઘોર અજ્ઞાન–દુઃખથી મને છોડાવ્યો ને છૂટકારાનો પંથ બતાવ્યો, તે ભગવંતોના અને તે ગુરુઓના ઉપકારની શી વાત! એમનું જેટલું બહુમાન કરું તેટલું ઓછું છે.

અહો, શ્રીગુરુએ તો આત્માનું સ્વરૂપ સમજાવીને મોટો ઉપકાર કર્યો; તે આત્માની સાથે સરખાવી શકાય એવી બીજી કોઈ વસ્તુ જગતમાં નથી,–કે જેના વડે હું ગુરુના ઉપકારનો બદલો વાળું!–આમ શ્રી દેવ–ગુરુ પ્રત્યે અને તેમની વીતરાગવાણી પ્રત્યે ધર્મીના મનમાં અત્યંત બહુમાન વર્તે છે.

–આ રીતે શ્રાવકની ભૂમિકામાં રોજરોજ દેવ–ગુરુ–શાસ્ત્રની ઉપાસના, સ્વાધ્યાય, દાન વગેરેનો ભાવ આવે છે; તેમાં જે શુભરાગ છે તે તો સ્વર્ગનું કારણ છે, તે શ્રાવકનો વ્યવહાર–આચાર છે; અને અંતરમાં સર્વજ્ઞસ્વરૂપી આત્માના શ્રદ્ધા–જ્ઞાન–આચરણરૂપ જેટલી શુદ્ધતા પ્રગટી છે તે તેનો પરમાર્થ–આચાર છે, તે મોક્ષનું કારણ છે.

## સુખના શોધકને-

મુમુક્ષુજીવે સ્વ–પરના ભેદજ્ઞાનવડે, અને અંદર જ્ઞાન તથા રાગના સૂક્ષ્મ ભેદજ્ઞાન વડે તત્ત્વની પરીક્ષા કરીને આત્માનું સાચું સ્વરૂપ ઓળખવું જોઈએ.

આત્માને પોતાનો અનુભવ કરવા માટે અંદર એકાગ્ર થવું પડે છે, બહારમાં જોવું નથી પડતું. બહારમાં એકાગ્રતાવડે આત્માનો પત્તો લાગતો નથી; અંતરમાં એકાગ્રતાવડે જ આત્માનો પત્તો લાગે છે.

જ્યાં આત્મા છે ત્યાં જ આત્માનું સુખ છે. આત્માનું સુખ આત્માથી બહાર બીજે ક્યાંય નથી. હે જીવ! સુખ અંતરમાં છે, બહારમાં નથી. બહારમાં ન શોધ. અંતરના સુખને પ્રાપ્ત કરવા બાહ્ય પદાર્થોનું આશ્ચર્ય ભૂલ, ને ચૈતન્યની અદ્‌ભુતતાને જાણ. તારા આત્માનો અચિંત્ય મહિમા જ્ઞાનમાં આવતાં તેનું સુખ પણ તને તારામાં અનુભવાશે.

# જ્ઞાન તે ગુણ છે: પુણ્ય-રાગ તે દોષ છે

( સંવર–નિર્જરા ) ( આસ્રવ–બંધ )

## 卐 તેથી ન કરવો રાગ જરીયે ક્યાંય પણ મોક્ષેચ્છુએ 卐

અરે જીવ! જ્ઞાન તો તારો ગુણ છે ને પુણ્ય-રાગ તો દોષ છે. જ્ઞાનગુણમાં પુણ્યનો રાગ સમાય નહિ; જેમ આંખમાં કણિયો સમાય નહિ તેમ તારા જ્ઞાનચક્ષુમાં રાગનો કોઈ કણિયો સમાઈ શકે નહિ. જેને પુણ્ય-રાગનો ઉત્સાહ છે તેને ચૈતન્ય-ગુણનો ઉત્સાહ નથી, પણ દોષનો ઉત્સાહ છે. ભાઈ, આત્માનો પવિત્રસ્વભાવ, રાગ વગરનો ચોકખો, તેનો તું ઉત્સાહ કર. આ તો જિનેશ્વરોનો વીતરાગમાર્ગ! તેમાં રાગની ગરબડ ચાલે નહિ. વીતરાગમાર્ગમાં રાગને ઘૂસાડવા માગે એવી બળજબરી જૈનશાસનમાં ચાલી શકે નહિ. જ્ઞાનભાવ રાગના કોઈપણ કણને સંઘરે નહિ–એટલે કે પોતામાં સ્વીકારે નહિ. જ્ઞાન તે તો સંવરનિર્જરા છે, ને રાગ તો આસ્રવ-બંધ છે. અજ્ઞાની કંઈક શુભરાગ કરે ત્યાં તેમાં પ્રસન્ન અને ઉત્સાહી થઈને એમ માને છે કે જાણે હું ધર્મમાં ખૂબ આગળ વધી ગયો. શુભરાગને તે સારૂં કામ માની લ્યે છે પણ રાગ વગરના સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ વીતરાગભાવ–કે જે ખરેખર સારૂં ને ઉત્તમ કાર્ય છે–તેને તો તે ઓળખતો નથી, ઉલ્ટો તેના ઉપર અણગમો કરે છે. બાપુ! મોક્ષને માટે સારૂં ઉત્તમ કામ તો જ્ઞાનનો અનુભવ છે; તેમાં વીતરાગતા છે, ને તે મોક્ષનું કારણ છે. રાગ તે કાંઈ મોક્ષને માટે સારૂં કાર્ય નથી,–તે કર્તવ્ય નથી; રાગ તો સંસારનું કારણ છે–

**તેથી ન કરવો રાગ જરીયે ક્યાંય પણ મોક્ષેચ્છુએ;**
**વીતરાગ થઈને એ રીતે તે ભવ્ય ભવસાગર તરે.**
**( પંચાસ્તિકાય: ૧૭૨ )**

–માટે હે ભવ્યમુમુક્ષુ! તું જ્ઞાનનો ઉત્સાહ કર, ને રાગનો ઉત્સાહ છોડ.

## ગુણ અને દોષ

સમ્યગ્દર્શન તે તો આત્મગુણ છે; શુભરાગાદિભાવો તે કાંઈ આત્મગુણ નથી,
તે તો દોષ છે. સમ્યક્ત્વાદિ ગુણોમાં તેનો અભાવ છે,

# સમ્યગ્દ્રષ્ટિ અને મિથ્યાદ્રષ્ટિના પરિણામમાં મોટો તફાવત

**ધર્મીના શુદ્ધ ચૈતન્યપરિણામમાં રાગાદિનું કર્તૃત્વ છે જ નહીં. અજ્ઞાની રાગાદિરૂપે જ પોતાનેઅનુભવતો થકો તેનો કર્તા થાય છે.**

જ્ઞાની અને અજ્ઞાનીના પરિણામમાં આવો જે મોટો ભેદ છે તે ભેદને ઓળખતાં અપૂર્વ ભેદજ્ઞાન થાય છે...ને જીવ રાગાદિ અશુદ્ધભાવોનું કર્તૃત્વ છોડીને, શુદ્ધ જ્ઞાનપરિણમન વડે મોક્ષમાર્ગને સાધે છે. આ વાત સમયસારના કળશ ૯૫–૯૬–૯૭ માં આચાર્યદેવે સુંદર રીતે સમજાવી છે. તેનાં પ્રવચન આપ અહીં વાંચશો. (–સં.)

આત્માનો ચૈતન્યસ્વભાવ રાગ વગરનો હોવા છતાં તેને જે રાગ સહિત અનુભવે છે તે જીવને વિકલ્પનું એટલે અશુદ્ધ રાગાદિ ભાવોનું કર્તાકર્મપણું કદી મટતું નથી; જ્ઞાનસ્વરૂપ આત્મા કર્તા ને વિકલ્પ તેનું કર્મ–એમ અશુદ્ધ રાગાદિભાવો સાથે અજ્ઞાનીને કર્તાકર્મપણું છે. જેને રાગથી ભિન્ન ચૈતન્યભાવનું ભાન નથી, વેદન નથી, ને ચૈતન્યથી વિરુદ્ધ રાગાદિ અશુદ્ધભાવોરૂપે પોતાને અનુભવે છે, તે જીવને અશુદ્ધભાવોનું કર્તાપણું છે. એટલે મિથ્યાદ્રષ્ટિ જીવ જ તે રાગાદિ અશુદ્ધતાનો કર્તા છે, જ્ઞાનભાવમાં રાગાદિનું કર્તાપણું નથી; અને તે મિથ્યાદ્રષ્ટિનો જે અશુદ્ધભાવ છે તે જ તેનું કર્મ છે, બીજું કોઈ (–શરીરાદિની જડક્રિયા વગેરે) તેનું કર્મ નથી. આ કર્તા–કર્મની મર્યાદા છે. જડ સાથે તો કર્તાકર્મપણું કોઈ જીવને નથી. અજ્ઞાનીને પોતાના અશુદ્ધભાવ સાથે કર્તાકર્મપણું છે; ને સમ્યક્ અનુભવ થતાં ધર્મીને તે અશુદ્ધતાનું કર્તાકર્મપણું છૂટી જાય છે. આમ ટૂંકામાં બધી વાત આચાર્યદેવે સમજાવી દીધી છે.

જેને પોતાનું માને તેનું કર્તાપણું કેમ છોડે? શુભ–અશુભરાગાદિ અશુદ્ધભાવોને અજ્ઞાની પોતારૂપ જાણે છે, એટલે તેને કોઈકાળે તેનું કર્તાપણું મટતું નથી. ચૈતન્યસ્વરૂપ પોતાપણે છે ને રાગ તેમાં નથી,–આમ રાગથી ભિન્ન ચૈતન્યસ્વરૂપને જે નથી જાણતો, ને રાગાદિભાવોને ચૈતન્યસ્વરૂપમાં મેળવે છે,–એવા સવિકલ્પ જીવને (એટલે કે વિકલ્પરૂપે જ આત્માને અનુભવનાર મિથ્યાદ્રષ્ટિ જીવને) અશુદ્ધભાવનું કર્તાકર્મપણું સદાય રહે છે, કદી મટતું નથી. જીવ પોતાના માનીને જે ભાવરૂપે પરિણમ્યો તે ભાવનો કર્તા તે અવશ્ય થાય છે. અજ્ઞાનથી થતું આ કર્તાકર્મપણું ક્યારે મટે? કે જ્ઞાનના અનુભવથી સમ્યક્ત્વ પ્રગટ થાય ત્યારે તેમાં અશુદ્ધભાવોનું કર્તાપણું રહેતું નથી. જ્ઞાનભાવમાં રાગાદિ અશુદ્ધતાનું કર્તાપણું કેમ હોય?

અરે, પરના કર્તાપણાની તો અહીં વાત જ નથી; અહીં તો આત્મામાં રાગાદિ અશુદ્ધભાવોનું કર્તાપણું પણ મિથ્યાદ્રષ્ટિને જ છે, સમ્યગ્દર્શન થતાં તે અશુદ્ધભાવનું કર્તાપણું પણ છૂટી જાય છે.

જ્ઞાનને અને રાગાદિને વિપરીતતા છે. પુણ્ય તે ધર્મ નથી પણ ધર્મથી વિરુદ્ધ છે, તે માટે શાસ્ત્રઆધારપૂર્વક ૧૧૩ બોલ અગાઉ આત્મધર્મ અંક ૩૩ માં આવી ગયા છે.

જે પુણ્યને–રાગને પોતાપણે જાણે ને તેનાથી પોતાનું હિત માને, તે તેના કર્તૃત્વને કેમ છોડે? બાપુ! રાગ તો આસ્રવ છે, અશાંતિ છે, અશુદ્ધતા છે, અશુચીરૂપ છે, સ્વ–પરના જ્ઞાન વગરનો જડસ્વભાવી છે; ને ભગવાન આત્મા કર્મના સંબંધ વગરનો, શાંત, પવિત્ર, આકુળતા વગરનો, ને સ્વ–પરને જાણનાર છે.–આમ બંનેની અત્યંત ભિન્નતા છે. અહો, ચૈતન્યની જાત રાગથી સર્વથા જુદી બતાવીને અમૃતચંદ્રાચાર્યદેવે અમૃત પીરસ્યાં છે. આવું ભેદજ્ઞાન કરે ત્યારે જ વિકલ્પનું કર્તૃત્વ છૂટે ને નિર્વિકલ્પ શાંત ચૈતન્યરસ અનુભવમાં આવે. તેના જ્ઞાનભાવમાં વિકલ્પના કોઈ અંશનું કર્તૃત્વ રહે નહીં.

રાગાદિ અશુદ્ધભાવનો કર્તા કોણ છે?–કે તેને જે પોતાનું સ્વરૂપ માને છે તે જ તેનો કર્તા થાય છે, એટલે અજ્ઞાની જ તેનો કર્તા થાય છે. જ્ઞાનભાવમાં તો રાગ નથી. રાગથી જે રહિત છે તેને રાગથી સહિત માનવો તે મિથ્યાત્વ છે; અને રાગમાં જ્ઞાન નથી, જ્ઞાનમાં રાગ નથી–એમ જુદા જાણીને ભેદજ્ઞાન કરનાર જ્ઞાની પોતાને જ્ઞાનપણે અનુભવે છે, તે રાગને પોતાના સ્વરૂપે અનુભવતો નથી, એટલે તેનો તે કર્તા થતો નથી.

બાપુ! ચૈતન્યતત્ત્વને રાગનું કાર્ય સોંપવું તે ખોટનો ધંધો છે. ચૈતન્યતત્ત્વમાં તો વીતરાગી શાંતિનું કાર્ય થાય એવો સ્વભાવ છે, તેને બદલે તેને તેં શુભાશુભરાગનું કાર્ય સોંપ્યું–તેમાં તેં તારા ચૈતન્યની હિંસા કરી છે. જેણે આત્માને રાગવાળો માન્યો તેણે રાગનો કર્તા થઈને ચૈતન્યભાવને હણી નાંખ્યો છે. રાગ તો ઉપાધિરૂપ છે, તે કાંઈ ચૈતન્યનો ગુણ નથી; ચૈતન્યગુણને ભૂલીને અજ્ઞાની અશુદ્ધભાવને કરે છે; તે જડને કરતો નથી કે શુદ્ધભાવને પણ અનુભવતો નથી. તે માત્ર પોતાના અશુદ્ધ ભાવનો જ કર્તા થઈને તે–રૂપે પરિણમે છે. જેમ સાચા–ખોટા માલની ભેળસેળ કરવી તે ગુન્હો ને કાળાબજાર છે, તેમ આત્મામાં શુદ્ધચૈતન્યને અને અશુદ્ધરાગાદિને ભેળસેળ કરીને અજ્ઞાની ગુન્હો કરે છે, તે પોતાને અશુદ્ધ જ અનુભવતો થકો સંસારમાં રખડે છે.–આવા અજ્ઞાનભાવમાં રાગાદિ અશુદ્ધભાવનું કર્તાપણું છે–એમ બતાવીને તે છોડાવવા માટે આ વાત છે. ભાઈ, જ્ઞાનમાં રાગની ભેળસેળનો ઊંધો ધંધો તું છોડી દે. જ્ઞાનને અને રાગને જુદા જાણીને, વિકલ્પોનું કર્તૃત્વ તું છોડી દે. આતમરામમાં રાગને હરામ કર. રાગ એ આત્મારામની જાત નથી પણ હરામની જાત છે–કર્મની જાત છે.–માટે તેને જુદા જાણીને તેનું કર્તૃત્વ છોડ. જેમાં જે તન્મય થાય, જેમાં જેને સુખ લાગે, તેનો તે કર્તા થાય. રાગનો જે કર્તા થાય તે તેમાં તન્મય થઈને મિથ્યાત્વરૂપે પરિણમે છે. શાંતિ ને અનાકુળ આનંદથી ભરેલું ચૈતન્યતત્ત્વ તેની દ્રષ્ટિમાં–અનુભૂતિમાં આવતું નથી, એટલે રાગાદિ અશાંત ભાવોનો તે કર્તા થાય છે.

શાંત–અનાકુળ ચૈતન્યતત્ત્વ, અને રાગાદિ અશાંત ભાવો–એ બંનેને એકતા નથી, જુદાઈ છે; નહિતર તો ચૈતન્યતત્ત્વ અને આસ્રવતત્ત્વ એક થઈ જાય. જેમ ચૈતન્યમાં જડનો અભાવ છે, છતાં તેને જડ સાથે એકતા માનવી કે જડ સાથે કર્તાકર્મપણું માનવું તે અજ્ઞાન છે, ને એવો અજ્ઞાનીજીવ મિથ્યાત્વ–રાગાદિ અશુદ્ધ પરિણામરૂપે પરિણમતો થકો તેનો કર્તા થાય છે. ને ધર્મીજીવ રાગથી ભિન્ન પોતાના જ્ઞાનસ્વભાવને શુદ્ધ અનુભવતો થકો પોતાના શુદ્ધ સમ્યક્ત્વાદિ જ્ઞાનભાવને જ કરે છે, પણ રાગાદિ અશુદ્ધભાવનો કર્તા થતો નથી.

આ રીતે સમ્યગ્દ્રષ્ટિજીવ અને મિથ્યાદ્રષ્ટિજીવ વચ્ચે પરિણામનો ઘણો ભેદ છે.–આ ભેદને જ્ઞાની જ જાણે છે. ચૈતન્યજાત અને રાગકજાત–એ બંનેને એકતા કેમ હોય? ધર્મીજીવ ચૈતન્યજાતમાં પરિણામરૂપે જ પોતાને અનુભવતો થકો તેનો જ કર્તા થાય છે.

અજ્ઞાની ચૈતન્યરસને નહિ જાણતો થકો કજાત–એવા રાગાદિ અશુદ્ધભાવોરૂપે જ પોતાને અનુભવતો થકો તેનો જ કર્તા થાય છે. તેથી અજ્ઞાની તો કર્તા છે, ને ધર્મી જ્ઞાતા છે તે રાગાદિનો કર્તા નથીઃ–

**કરે કરમ સોહી કરતારા; જો જાને સો જાનનહારા;**

શુભ ને અશુભ ભાવો તે કરમ છે, તેનો કર્તા અજ્ઞાની છે, તે શુભાશુભથી જુદા જ્ઞાનને જાણતો નથી.

અને જે શુભાશુભરાગથી જુદા જ્ઞાનને જાણે છે, તે રાગાદિને જાણે જ છે પણ તેનો કર્તા થતો નથીઃ–

**કર્તા સો જ્ઞાતા નહીં કોઈ, જાને સો કરતા નહીં હોઈ.**

જુઓ, આ જ્ઞાની અને અજ્ઞાનીના તફાવતની ઓળખાણ!

પ્રશ્નઃ– ધર્મી જીવને શુભાશુભ પરિણામ થાય જ નહીં?

ઉત્તરઃ– થાય; પણ તે શુભાશુભ વખતે તેનાથી ભિન્ન જ્ઞાનને તે અનુભવે છે–જાણે છે; એટલે રાગથી જુદું જ્ઞાનપરિણમન પણ તેને વર્તે છે; ને તે જ્ઞાનપરિણમનમાં તો રાગાદિનો અભાવ જ છે, એટલે જ્ઞાનપરિણમનમાં જ્ઞાનીને રાગાદિનું કર્તૃત્વ છે જ નહીં. બાકી તો જે રાગાદિ પરિણામ થાય છે તે પણ જીવના જ અસ્તિત્વમાં થાય છે, તે કાંઈ જીવથી બહાર બીજે ક્યાંય નથી થતા; અને તેટલું પોતાનું અશુદ્ધપરિણમન છે–એમ ધર્મી જાણે છે; જેટલું રાગપરિણમન છે તેટલું દુઃખ પણ છે. પણ, વિશેષતા એ છે કે તે રાગના પરિણમન કાળે જ ભેદજ્ઞાનના બળે તે ધર્મીજીવ પોતાને તે રાગ વગરના જ્ઞાતાસ્વરૂપે અનુભવે છે–જાણે છે–શ્રદ્ધે છે; એટલે જ્ઞાતાપણાનું શુદ્ધપરિણમન તેને વર્તે છે, તે શુદ્ધતામાં રાગાદિનું અકર્તાપણું જ છે જ્યારે અજ્ઞાનીને તો રાગ વખતે રાગના સ્વાદરૂપે જ આખો આત્મા અશુદ્ધ અનુભવાય છે, રાગથી જુદા કોઈ આત્મસ્વરૂપને તે જાણતો નથી, તેથી તે એકલા રાગાદિ અશુદ્ધભાવે જ પરિણમતો થકો તેનો જ કર્તા થાય છે.

આ રીતે સમ્યક્ત્વ અને મિથ્યાત્વના ભાવમાં પરસ્પર અત્યંત વિરુદ્ધતા છે. જેમ સૂર્યપ્રકાશમાં અંધકાર હોતો નથી, તેમ ચૈતન્યના જ્ઞાનપ્રકાશમાં રાગાદિ–અંધકાર હોતો નથી. અધૂરીદશામાં રાગ હોય પણ ધર્મીના જ્ઞાનપ્રકાશમાં તેને તન્મયતા નથી, તેને જ્ઞાનપ્રકાશથી ભિન્નપણે ધર્મી જાણે છે, એટલે ધર્મી તો જ્ઞાતા જ છે, રાગાદિકર્મનો કર્તા તે નથી.

**અહો, શુદ્ધચૈતન્યદ્રષ્ટિની આ વાત સમજતાં અપૂર્વ ભેદજ્ઞાન થાય છે, ને રાગાદિના કર્તૃત્વથી છૂટીને શુદ્ધ જ્ઞાનપરિણમન વડે જીવ મોક્ષમાર્ગને સાધે છે.**

જુઓ, બધા પડખાથી અનેકાન્તરૂપ વસ્તુસ્વરૂપ જિનમાર્ગઅનુસાર બરાબર જાણવું જોઈએ. ધર્મીને રાગાદિ અશુદ્ધભાવનું કર્તાપણું નથી–એમ કહ્યું, તે સ્વભાવના શુદ્ધપરિણમન અપેક્ષાએ કહ્યું છે; પણ તેથી કાંઈ ધર્મીને રાગાદિ અશુદ્ધ પરિણમન થતું જ નથી–એમ એકાંત નથી; જેટલા રાગાદિ ભાવો પૂજા–તીર્થયાત્રા વગેરે શુભના, કે વેપાર–ધંધા વગેરે અશુભના, થાય છે તેટલું અશુદ્ધપરિણમન પણ તેનું જ છે, તે કાંઈ બીજા કોઈકનું પરિણમન નથી, કે જડમાં કાંઈ તે ભાવો થતા નથી. તે જીવની પર્યાયમાં જ તેવું અશુદ્ધપરિણમન હજી છે. તેમજ, એવા રાગાદિભાવો જેને થાય તે જીવને ધર્મી કહેવાય જ નહિ–એમ પણ નથી. રાગાદિ થતા હોય છતાં તે જ વખતે તેનાથી ભિન્ન શુદ્ધ ચૈતન્યભાવનું પરિણમન જેને ભેદજ્ઞાનના બળે વર્તે છે તે જીવ ધર્મી છે, ને તે ધર્મીજીવના શુદ્ધપરિણમનમાં રાગાદિ અશુદ્ધતાનું કર્તૃત્વ જરાપણ નથી. હા, રાગાદિ વખતે તે રાગાદિ જેટલો જ પોતાને અશુદ્ધ અનુભવે, ને શુદ્ધતારૂપ પરિણમન જરાય હોય જ નહિ–તો તે જીવ અધર્મી છે.–આ રીતે જ્ઞાની તથા અજ્ઞાનીના પરિણામની જે રીતે જે સ્થિતિ છે તેને બરાબર ઓળખવી જોઈએ; તો જ પોતામાં ભેદજ્ઞાન થાય, ને રાગાદિ અશુદ્ધતાનું કર્તૃત્વ છૂટીને, શુદ્ધજ્ઞાનપરિણમનરૂપ મોક્ષમાર્ગ પ્રગટે.

## ‘જગત ઇષ્ટ નહિ આત્મથી’

### જગતને રાજી કરવા કરતાં આત્માને રાજી કર.

અહો, જૈનશાસન કોઈ અપૂર્વ છે. બીજા કોઈ સાથે તેનું મિલાન થઈ શકતું નથી. બીજા મિથ્યામત સાથે સર્વજ્ઞના જૈનધર્મનું મિલાન કરવું તે તો જનરંજન છે; અને જ્યાં જનરંજન છે ત્યાં જિનરંજન થતું નથી. જનરંજન એ તો સંસાર છે. બાપુ! તું જગતને રાજી કરવા રોકાણો તો મોક્ષને ક્યારે સાધીશ? જનરંજનની વૃત્તિ છોડીને જિનરંજન કર...એટલે કે આત્મા રાજી થાય ને આત્માનું હિત થાય–તેમ કર. ધર્મી તો જનરંજન છોડીને ‘આત્મરંજન’ કરે છે. લોકો રાજી થાય કે ન થાય, પણ મારો આત્મા રાજી થાય ને મારો આત્મા ધર્મસાધન વડે આ ભવદુઃખથી છૂટીને મોક્ષસુખને પામે–એનું ધર્મીને લક્ષ છે.

# શ્રાવકનાં આચાર [ ૨ ]

**જૈન-સદ્‌ગૃહસ્થ-શ્રાવકનાં આચાર કેવા સુંદર અને ધર્મથી શોભતા હોય છે તેનું કેટલુંક વર્ણન આત્મધર્મ અંક ૩૬૮ માં આપે વાંચ્યું. વિશેષ સકલકીર્તિ શ્રાવકાચાર અધ્યાય ૩ તથા ૪ માંથી કેટલુંક દોહન આપ અહીં વાંચશો. શ્રાવકને દેવ-ગુરુ-શાસ્ત્રની ઓળખાણ કેવી હોય, તત્ત્વોની ઓળખાણ કેવી હોય, ને પછી તત્ત્વજ્ઞાનપૂર્વકની આચરણશુદ્ધિ કેવી હોય ? તે સમજવું જરૂરી છે; કેમકે તત્ત્વજ્ઞાન અને આચરણશુદ્ધિ વડે જ જીવનું જીવન શોભે છે. ( સં. )**

## [ પ્રશ્નોતર-શ્રાવકાચાર અધ્યાય ૩ માંથી ]

સાચા દેવ–ગુરુ–ધર્મના સ્વરૂપનું ચિંતન તે સમ્યક્ત્વની દ્રઢતાનું કારણ છે.

- વીતરાગ–સર્વજ્ઞ તે દેવ છે.
- રાગાદિ હિંસારહિત એવી વીતરાગતા તે ધર્મ છે.
- પરિગ્રહરહિત, રત્નત્રયવંત ગુરુ છે.

એ સિવાય બીજા કોઈ દેવ નથી, બીજો ધર્મ નથી, બીજા ગુરુ નથી.–આવું સ્વરૂપ જાણીને તેની શ્રદ્ધા કરવી તે સમયગ્દર્શન છે.

દેવ કેવા છે? તેમનું સ્વરૂપ ઓળખવા માટે તેમના કેટલાક ગુણવાચક નામો કહીએ છીએ–

- તે ભગવાન ઈંદ્રદ્વારા પંચકલ્યાણક યોગ્ય છે તેની अर्हत् છે.
- દુ:ખરૂપ મોહ–અરિને હણનારા હોવાથી તેઓ अरिहन्त છે.

❁ મોહરૂપી અરિ, જ્ઞાન–દર્શનાવરણરૂપ રજ તથા અંતરાયરૂપ રહસ્ય, તેને હરનારા હોવાથી अरहन्त છે.

❁ રાગ–દ્વેષ–મોહના વિજેતા હોવાથી તેનો जिन છે.

❁ સમુદ્ઘાત વખતે તેઓ લોકવ્યાપી થાય છે, અથવા કેવળજ્ઞાન વડે તેઓ સમસ્ત લોક–અલોકને જાણી લ્યે છે,–જાણવાની અપેક્ષાએ સર્વવ્યાપી છે–તેથી તેઓ જ વિષ્ણુ છે, વિષ્ણુ બીજા કોઈ નથી.

❁ કેવળજ્ઞાનાદિ અનંતચતુષ્ટયરૂપ અંતરંગ ઐશ્વર્ય સહિત છે તથા બહારમાં સમવસરણાદિ દિવ્ય ઐશ્વર્યસહિત છે તેથી તેઓ જ ઈશ્વર છે, ઈશ્વર બીજા કોઈ નથી.

❁ સમવસરણમાં તેમનાં ચારમુખ દેખાય છે તેથી તેઓ ચતુર્મુખ–બ્રહ્મા છે, અથવા તે શુદ્ધઆત્મા જ પરમ બ્રહ્મરૂપ હોવાથી બ્રહ્મા છે; કોઈ બીજા બ્રહ્મા નથી.

❁ મોક્ષના અનંત સુખરૂપ શિવકલ્યાણને પામ્યા હોવાથી તેઓ જ શિવભગવાન છે, બીજા કોઈ શિવ નથી.

❁ કેવળજ્ઞાનવડે સમસ્ત પર્યાયો સહિત સમસ્ત દ્રવ્યોને જાણનારા હોવાથી તેઓ જ બુદ્ધભગવામ છે, બુદ્ધ બીજા કોઇ નથી.

❁ ત્રિકાળ–ત્રિલોકવર્તી સમસ્ત દ્રવ્ય–પર્યાયોને જાણનાર હોવાથી તેઓ જ સર્વજ્ઞ છે.

❁ રત્નત્રયધર્મરૂપી તીર્થના પ્રવર્તક હોવાથી તેઓ તીર્થંકર છે.

❁ સ્ત્રી–વસ્ત્રાદિ સમસ્ત પરિગ્રહ રહિત હોવાથી તેઓ જ વીતરાગ છે; તેઓ જ ધર્મનેતા છે, તેઓ જ નિર્ગ્રંથ છે, તેઓ જ દેવાધિદેવ અને જગતગુરુ છે, તેઓ જ પરમાત્મા છે.

સર્વદોષરહિત ને સર્વગુણસહિત આવા ભગવાન જિનેન્દ્રદેવનું સ્વરૂપ સમ્યક્ત્વ–શુદ્ધિ માટે હે ભવ્ય! તું ઓળખ...અને તેનું ધ્યાન કર.

આવા ભગવાનને ઓળખીને તેમના નામનો જાપ કરવો તે પણ મહાન પુણ્યનું કારણ છે.

જિનેન્દ્રદેવનું સ્વરૂપ જે ઓળખે છે એટલે કે તેમના ચેતનમય શુદ્ધદ્રવ્ય–ગુણ–પર્યાયને જે જાણે છે તે પોતે શુદ્ધાત્માને અનુભવીને અલ્પકાળમાં જિન થઈ જાય છે. માટે હે ભવ્ય! મોક્ષને અર્થે અનંત મહિમાવંત જિનેન્દ્ર ભગવાનને ઓળખીને તું તેમની સેવા કર.

ભૂખ, તરસ, ભય, દ્વેષ, રાગ, મોહ, ચિંતા, બૂઢાપો, રોગ, મૃત્યુ, ખેદ, પરસેવો, મદ, અરતિ, આશ્ચર્ય, જન્મ, નિદ્રા, અને વિવાદ–આ અઢાર દોષ સંસારી જીવોને હોય છે; ભગવાન જિનેંદ્રદેવને આ અઢાર દોષ હોતાં નથી.

મોહના નાશથી અનંતસુખ જેમને પ્રગટી ગયું છે એવા ભગવાનને ભૂખ–તરસ કેવા? જેમને દ્વેષ નથી તેમને શસ્ત્રો કેવા? તેમને ભય ન હોવાથી તેમની મુદ્રા પણ અતિશય શાંત–સૌમ્ય, અને નિર્વિકાર છે. રાગાદિનો અભાવ હોવાથી સ્ત્રી–વસ્ત્ર કે આભૂષણનો સંગ નથી, આત્મસ્વભાવની સિદ્ધિ થઈ ગઈ હોવાથી તેમને હવે કોઈ ચિંતા રહી નથી. અવિનાશી મોક્ષપદ પ્રાપ્ત કરી લીધું હોવાથી હવે તેમને કદી બૂઢાપો નથી. તેમને નવા આયુનો બંધ નથી તેથી નવા દેહને ધારણ કરવારૂપ મૃત્યુ નથી; જેને આયુનો સર્વથા અભાવ હોય તેને કદી મરણ હોય નહિ. બધું જાણી લીધું છે તેથી ક્યાંય આશ્ચર્ય થતું નથી; પોતે જ સર્વોત્કૃષ્ટ છે,–પછી મદ કે અભિમાન શેનાં હોય? શરીર છૂટતાં તે મુક્ત જીવને નવા જન્મનો અભાવ છે. ઉપયોગ સર્વથા શુદ્ધ થઈ ગયો હોવાથી હવે તેમને નિદ્રા નથી; સદાય આનંદની અનુભૂતિમાં જ લીન રહેનારા તે ભગવાનને વિષાદ ક્યાંથી હોય? અનંત વીર્યસંપન્ન ભગવાનને જ્ઞાન–સુખના સ્વાભાવિક પરિણમનમાં થાક કે ખેદ પણ કેમ હોય?

અહો, આવા ગુણસંપન્ન પરમદેવ, તે જ જગતમાં ઉત્તમ દેવ છે. તેમણે બતાવેલો માર્ગ જ જગતના જીવોનું હિત કરનાર છે.

હે ભવ્ય! કેટલાક લોક ભગવાન અરિહંતદેવને પણ ક્ષુધા–તૃષા–આહાર–પાણી–રોગ વગેરે દોષ હોવાનું માને છે, તો તે સત્ય હશે કે અસત્ય હશે!–એવા પ્રકારના સંદેહને તું સર્વથા છોડી દે. પૂર્ણસુખરૂપ પરિણમેલ, અનંત આત્મબળવાળા અરિહંતોને ભૂખ–તરસ કે આહાર–પાણી–રોગ વગેરે કોઈ દોષ હોતાં નથી એમ નિઃશંક જાણ.

જો ભૂખ–તરસ લાગે તો વેદના થાય, ને અનંતસુખ રહે નહિ.

જો આહાર–પાણી ગ્રહણ કરે તો તે સંબંધી રાગ–દ્વેષ થાય એટલે વીતરાગતા રહે નહિ.

અહા, જ્યાં ચૈતન્યના અનંત અતીન્દ્રિય સુખરસનું ભોજન નિરંતર થઈ રહ્યું છે ત્યાં ભૂખ–તરસ કેવા? ને આહાર કેવો?

અરે, મુનિ આહારનું નામ પણ લ્યે તો તેને પ્રમાદ થવાથી તે 'પ્રમત્તસંયત્' થઈ જાય છે, તો પછી જે આહારનું ગ્રહણ કરે તેને સર્વજ્ઞતા ક્યાંથી હોય?

ભગવાન અતીન્દ્રિય જ્ઞાનરૂપ થયા છે, ઇન્દ્રિયજ્ઞાન જ તેમને રહ્યું નથી, ત્યાં ઇન્દ્રિયવિષયો તેમને ક્યાંથી હોય?–એટલે ભોજન ક્યાંથી હોય? જેની રસનાઇંદ્રિય જીવતી હોય તેને જ રસનો આહાર હોય, એટલે જે સર્વથા અરસ–ભાવરૂપ થયા ન હોય તેને જ રસનું ભોક્તાપણું હોય.

વળી, દૂરથી માંસાદિ નજરે પડી જાય તો આપણે પણ ભોજનમાં અંતરાય સમજીને છોડી દઈએ છીએ; તો કેવળજ્ઞાનવડે સંસારનાં માંસાદિને દેખી રહેલા ભગવાન કઈ રીતે ભોજન કરે?

જેને રાગાદિ દોષ હોય, જેની શક્તિ અલ્પ હોય, જેને ઇન્દ્રિયજ્ઞાન કામ કરતું હોય ને જેને દુઃખ હોય–તેને જ ભોજન હોઈ શકે; જે વીતરાગ છે, જેની આત્મશક્તિ અનંતવીર્યરૂપે ખીલી ગઈ છે, જેને અતીન્દ્રિયજ્ઞાન વર્તે છે અને જેઓ સંપૂર્ણ સુખી છે– એવા ભગવાન અરિહંતદેવને ક્ષુધા કે આહાર હોતા નથી,–એમ જાણીને નિઃસંદેહ થાઓ.

કોઈ જીવે ઉપવાસ કર્યો હોય અને તેના સંબંધમાં કોઈ એમ કહે કે 'આણે આજે ખાધું છે'–તો તે જૂઠું કલંક લગાડનાર પાપી છે; તો પછી જેમણે આહારનો સર્વથા ત્યાગ કર્યો છે એવા જગતગુરુ ભગવાન અરિહંતને માટે એમ કહેવું કે તેઓ આહાર કરે છે–તે તો મહાન પાપ છે. અરે, અરિહંતદેવને આવું કલંક કહેનારને કેટલું પાપ લાગતું હશે–તે એમ કહી શકતા નથી.

માટે હે મિત્ર! જેમને આહાર–પાણી નથી, આહાર વગર જ જેઓ પૂર્ણ સુખી છે અને જ્ઞાનાદિ અનંતગુણથી જેઓ શોભી રહ્યા છે–એવા વીતરાગી અરિહંત પરમાત્મા તે દેવ છે–એમ નિઃશંકપણે ઓળખીને તેમની તું સેવા કર. સર્વજ્ઞની સાચી ઓળખાણથી તારું મિથ્યાત્વ મટીને તને સમ્યક્ત્વ થશે, એટલે તારું ભવદુઃખ છૂટીને તને મોક્ષસુખ થશે.

પરસેવો ન હોવો, મલ–મૂત્ર ન હોવા, શરીરનું લોહી સફેદ હોવું, સુંદરરૂપ, સુગંધ; ઉત્તમ સંસ્થાન, ઉત્તમ સંહનન વગેરે જે ગુણ–કે અતિશય અરિહંતદેવને કહેવામાં આવે છે તે બધા, જીવને આશ્રિત નથી પણ શરીરને આશ્રિત છે, એટલે કે તેઓ શરીરનાં ધર્મો છે પણ જીવનાં ધર્મો તે નથી–એમ જાણવું.

સર્વજ્ઞતાને પામેલા ભગવાન જિનેન્દ્રદેવ ઉપર કદી કોઈ જાતનો ઉપસર્ગ થઈ

શકતો નથી, તેમની સમીપમાં કોઈ જીવોની હિંસા થતી નથી, બધા જીવો પરસ્પર શત્રુતા છોડીને મિત્રભાવે રહે છે. પ્રભુના શરીરની છાયા પડતી નથી, આંખમાં ટમકાર થતો નથી, બોલતાં હોઠ હાલતા નથી, જમીન પર ચાલતા નથી પણ ગગનવિહાર કરે છે.

અરે, આવા પરમ વીતરાગ જિનદેવને છોડીને જે તુચ્છવિષયાસક્ત કુદેવોને પૂજે છે તે મૂર્ખ જીવના મિથ્યાત્વપાપનું શું કહેવું?–તે ભયંકર ભવસમુદ્રમાં ડુબકા ખાય છે... અમૃતને છોડીને તે ઝેર પીએ છે. જેમ આકાશથી કોઈ મોટું નથી તેમ ભગવાન જિનેન્દ્રદેવથી મોટા કોઈ દેવ નથી. માટે હે ભવ્ય! તું આવા ભગવાનને ઓળખીને તેમની ભક્તિ કર. તે ભગવાને કહેલા વીતરાગ ધર્મનું જ આચરણ કર. તે ધર્મના આચરણ વડે તું પણ ભગવાન થઈ જઈશ.

ધર્મરૂપી જે કલ્પવૃક્ષ છે તેનું ફળ મોક્ષ છે ને તેનું મૂળ સમ્યગ્દર્શન છે. દુષ્ટ જીવના હૃદયમાં રહેલ પાપ–મલિનતા કાંઈ પાણીના સ્નાનવડે ધોવાતી નથી; તે તો સમ્યગ્જ્ઞાનના પવિત્ર જળ વડે જ ધોવાય છે. મૃત માતા–પિતા વગેરે અન્યને માટે નહિ પણ કેવળ પોતાના ધર્મપાલનને માટે શ્રદ્ધાપૂર્વક સુપાત્રોને દાન દેવું તે સૌથી ઉત્તમ શ્રાદ્ધ છે; એ સિવાય મૃત પુરુષો માટે કરવામાં આવતું શ્રાદ્ધ તે તો મિથ્યાત્વપોષક છે. અજ્ઞાની અને રાગ–દ્વેષમાં અત્યંત આસક્ત એવા મૂર્ખ જીવો વડે જ કુધર્મનો ઉપદેશ દેવામાં આવે છે. અજ્ઞાનીઓને છેતરનારો તે કુધર્મનો ઉપદેશ અનેક દોષથી ભરેલો છે, માટે હે ભવ્ય! તું તેને ઝેરી સર્પ જેવો જાણીને છોડી દે.

અગ્નિમાં બળી મરવું સારું છે, ગળે સર્પ નાખવો સારો છે, વિષનું ભક્ષણ કરવું સારૂં છે, પણ મિથ્યાત્વના સેવનપૂર્વક જીવીત રહેવું તે સારૂં નથી.

–માટે કુધર્મને છોડીને જિનધર્મનું સેવન કર. જિનમાર્ગમાં ગુરુ તે છે કે જેમનો વેષ શ્રી જિનસમાન છે; આવા રત્નત્રયવંત ગુરુને ઓળખીને તેમની સેવા કરો. શરીર ભલે મેલું હોય પણ તેમનું ચિત્ત સદા મોહરહિત નિર્મળ છે; મોક્ષસુખ સિવાય બીજે કયાંય તેમનું ચિત્ત આસક્ત નથી. જેઓના શ્રીમુખથી સદાય વીતરાગતાના ઉપદેશરૂપી પરમ અમૃત ઝરે છે–આવા શ્રેષ્ઠ ગુરુની તું સેવા કર, ને પાપપોષક કુગુરુઓનું સેવન દૂરથી જ છોડ. જેઓ પોતે અજ્ઞાન અને દૂરાચાર વડે ભવસમુદ્રમાં ડુબી રહ્યા છે તેઓ બીજાને કઈ રીતે તારશે?

સર્પ–શત્રુ અને ચોર વગેરેનો સમાગમ તો સારો, પરંતુ મિથ્યાત્વમાર્ગમાં લાગેલા

કુગુરુઓનો સમાગમ ભુંડો...કેમ કે સર્પ–શત્રુ વગેરેના સંબંધથી તો એક ભવમાં જ દુઃખ થાય છે, પણ કુગુરુઓના સંગથી તો જીવ અનંત ભવમાં દુઃખી થાય છે.

શ્રી જિનેન્દ્રદેવ, વીતરાગધર્મ અને નિર્ગ્રંથ ગુરુ–એ ત્રણે સમ્યક્ત્વનાં પ્રધાન કારણ છે, અર્થાત્ તે ત્રણેની યથાર્થ ઓળખાણ અને શ્રદ્ધાથી સમ્યગ્દર્શન થાય છે. હે વત્સ! આ સમ્યગ્દર્શન અમૃતસમાન છે, કેમકે તે સર્વદોષ રહિત છે, ભગવાન તીર્થંકર પરમદેવે પોતે તેનું નિરૂપણ કર્યું છે, ત્રણેલોકનાં ઇન્દ્રો તેને ભક્તિથી સેવે છે, ભવ્ય–સુપાત્રમાં જ તે રહે છે, ઉત્તમ ગુણોનું તે નિધાન છે; તે સમ્યગ્દર્શન હોતાં અનેક ઉત્તમ ગુણો સ્વયમેવ પ્રગટી જાય છે; મોક્ષના ઝાડનું તે બીજ છે. માટે હે ભવ્ય! તું બધા પ્રકારની શંકા છોડીને આ સમ્યગ્દર્શનને ધારણ કર...સમ્યક્ત્વરૂપી આનંદ–અમૃતનું પાન કર.

**[ પ્રશ્નોતર-શ્રાવકાચાર અધ્યાય ૪ માંથી ]**

સમ્યગ્દર્શન મોક્ષમંદિરનું પ્રથમ સોપાન છે.

મિથ્યાદ્રષ્ટિ જીવ અહિંસા ધર્મને સમજી શકતો નથી, મિથ્યાત્વ વિષસમાન છે અને તે જીવના જ્ઞાન–ચારિત્રને પણ નષ્ટ કરે છે.

અરિહંતોને પણ આહાર હોવાનું માનનારા શ્વેતાંબરને સાંશયિક મિથ્યાદ્રષ્ટિમાં ગણ્યા છે.

સમ્યગ્દર્શન નરક–તિર્યંચગતિનાં દ્વાર બંધ કરનારું છે ને સ્વર્ગ–મોક્ષના દરવાજા ખોલનારૂં છે; તેને હે ભવ્ય! તું ધારણ કર.

પ્રભો! સમ્યગ્દ્રષ્ટિનું નિઃશંકતા અંગ કેવું છે? તે કહો! સાંભળ! હે વત્સ! પર્વત કદાચિત ચલાયમાન થઈ જાય, અગ્નિ કદાચિત્ શિતળ થાય તોપણ ભગવાન સર્વજ્ઞદેવના કહેલાં જીવાદિ તત્ત્વોમાં કદી અંતર પડતું નથી.–આ પ્રમાણે સૂક્ષ્મ તત્ત્વોમાં, ધર્મના સ્વરૂપમાં, અરિહંતના સ્વરૂપમાં, મુનિઓના સ્વરૂપમાં તથા જ્ઞાનમાં અને મોક્ષમાર્ગમાં શંકા છોડીને નિશ્ચલ શ્રદ્ધા રહેવી તે નિઃશંકતા છે.

જેને આવી નિઃશંકતા છે તેણે બધા કુદેવોને તથા કુમાર્ગને છોડયા છે, અને કોઈ પ્રકારનો ભય તેને હોતો નથી. નિર્ભયપણે જિનમાર્ગને સાધીને તે મોક્ષને પામે છે. હે ભવ્ય! સમ્યગ્દર્શન અનુપમ ગુણોનો ભંડાર છે, મોક્ષનું મૂળ છે; તીર્થંકરો પણ તેને સેવે છે. સંસારસમુદ્ર તરવા માટે તે નૌકા છે, તે પવિત્ર તીર્થ છે, માટે કુસંગતિ છોડીને તું આવા કલ્યાણરૂપ સમ્યગ્દર્શનનું સેવન કર.

# સમ્યક્ત્વ-મહિમા

## ❁ હે વત્સ ! તું પરમ ભક્તિથી સમ્યક્ત્વને ભજ ❁

❁ પ્રશ્નોતર–શ્રાવકાચારના ૧૧ મા અધિકારમાં અષ્ટગુણસહિત અને સર્વ દોષરહિત એવા શુદ્ધસમ્યક્ત્વનો પરમ મહિમા બતાવીને તેની આરાધનાનો ઉપદેશ આપ્યો છે; તેમાં ૧૦૮ શ્લોક છે; તેનું દોહન અહીં આપ્યું છે.

❁ વીતરાગ–જિનધર્મનું સેવન છોડીને, મિથ્યાધર્મના સેવન વડે જે મૂઢ જીવ આત્મકલ્યાણ ઈચ્છે છે તે જીવવા માટે ઝેર ખાનાર જેવો મૂર્ખ છે.

❁ બુધજનો અલ્પજ્ઞાન પામીને તેનો મદ નથી કરતા; અરે, પૂર્વના મહાન શ્રુતધરો પાસે મારું આ અલ્પજ્ઞાન શું હિસાબમાં છે ?

❁ અરે, ક્ષણભરમાં નષ્ટ થઈ જનાર એવા શરીરબળનું અભિમાન શું ?

❁ વિચિત્ર–અદ્‌ભુત સમ્યગ્દર્શનની–કળાની પાસે લૌકિક સુંદર–લેખનાદિ કળાનું અભિમાન કરવું તે પણ અશુભ છે.

❁ જેમ મલિન દર્પણમાં મુખ દેખાતું નથી તેમ મોહથી મલિન એવી મિથ્યા શ્રદ્ધામાં આત્માનું સાચું રૂપ દેખાતું નથી, મુક્તિનું મુખ તેમાં દેખાતું નથી.

❁ જેમ નિર્મળ દર્પણમાં મનુષ્યો પોતાના રૂપને અવલોકે છે, તેમ સમ્યક્ત્વરૂપી નિર્મળદર્પણમાં ધર્મીજીવ મુક્તિનું મુખ દેખે છે, એટલે પોતાનું સાચું રૂપ દેખે છે.

❁ સમ્યગ્દર્શન સહિત જીવ વિશેષ જ્ઞાન–વ્રતાદિ વગર પણ ઇન્દ્ર–તીર્થંકર વગેરે વિભૂતિ પામે છે.

❁ જ્ઞાન–ચારિત્રાદિનું મૂળ ભગવાને સમ્યગદર્શન કહ્યું છે. તેના વગરનાં જ્ઞાન ને ચારિત્ર તે અજ્ઞાન અને કુચારિત્ર છે, એટલે મોક્ષ માટે નિરર્થક છે.

❁ વ્રત–ચારિત્ર વગરનું તેમજ વિશેષ જ્ઞાન વગરનું એકલું સમ્યક્ત્વ પણ સારૂં છે–

પ્રસંશનીય છે; પરંતુ મિથ્યાત્વરૂપી ઝેરથી બગડેલા એવા વ્રત–જ્ઞાનાદિ તે સારાં નથી.

❀ સમ્યક્ત્વ વગરનો જીવ ખરેખર પશુસમાન છે; જન્માંધની જેમ તે ધર્મ–અધર્મને જાણતો નથી.

❀ દુઃખોથી ભરેલા નરકમાં પણ સમ્યક્ત્વ સહિત જીવ શોભે છે; તેના વગરનો જીવ દેવલોકમાં પણ શોભતો નથી. કેમકે તે નરકનો જીવ તો સારભૂત એવા સમ્યક્ત્વના માહાત્મ્યને લીધે ત્યાંથી નીકળીને લોકાલોક–પ્રકાશક તીર્થનાથ થશે; અને મિથ્યાત્વને લીધે ભોગમાં તત્પર એવો તે દેવનો જીવ આર્ત્તધ્યાન વડે મરીને સ્થાવર યોનિમાં જશે.

❀ ત્રણકાળમાં કે ત્રણલોકમાં સમ્યક્ત્વ સમાન ધર્મ બીજો કોઈ નથી; જગતમાં તે જીવને પરમ હિતકર છે.

❀ સમ્યક્ત્વ સિવાય બીજો કોઈ જીવનો મિત્ર નથી, બીજો કોઈ ધર્મ નથી, બીજું કોઈ સાર નથી, બીજું કોઈ હિત નથી, બીજા કોઈ પિતા–માતાદિ સ્વજન નથી, કે બીજું કોઈ સુખ નથી. મિત્ર–ધર્મ–સાર–હિત–સ્વજન–સુખ એ બધુંય સમ્યક્ત્વમાં સમાય છે.

❀ સમ્યક્ત્વથી અલંકૃત ઢેઢ પણ દેવો–વડે પુજાય છે; પરંતુ સમ્યક્ત્વ વગરનો જીવ ત્યાગી હોય તોપણ પદે–પદે નિંદનીય છે.

❀ એક વખત સમ્યક્ત્વને અંતર્મુહૂર્તમાત્ર પણ ગ્રહણ કરીને, જીવ કદાચિત્ તેને છોડી દે તોપણ, ચોક્કસ તે અલ્પકાળમાં (પુનઃ સમ્યક્ત્વાદિ ગ્રહણ કરીને) મુક્તિ પામશે.

❀ જે ભવ્ય જીવને સમ્યક્ત્વ છે તેના હાથમાં ચિંતામણિ છે, તેના ઘરે કલ્પવૃક્ષ અને કામધેનુ છે.

❀ આ લોકમાં નિધાનની જેમ સમ્યક્ત્વ ભવ્ય જીવોને સુખદાતા છે; તે સમ્યક્ત્વ જેણે પ્રાપ્ત કર્યું તેનો જન્મ સફળ છે.

❀ જે જીવ હિંસા છોડીને, વનમાં જઈ એકલો વસે છે ને ઠંડી–ગરમી સહન કરે છે–પણ જો સમ્યગ્દર્શન વગરનો છે–તો તે વનના ઝાડ જેવો છે.

- સમ્યક્ત્વ વગરનો જીવ દાન–પૂજા–વ્રતાદિક જે કિંચિત્ પુણ્ય કરે છે તે સર્વ વિફળ છે...વિરુદ્ધ ફળવાળું છે.
- દૃષ્ટિહીન જીવ કંઈક વ્રત–દાનાદિ પુણ્ય કરીને, તેના ફળમાં ઇન્દ્રિયભોગો પામીને પાછો ભવઅરણ્યમાં ભમે છે.
- સમ્યક્ત્વના બળથી જે કર્મો સહજમાં હણાય છે તે કર્મો સમ્યક્ત્વ વગર ઘોર તપ વડે પણ હણાતા નથી.
- સમ્યક્ત્વાદિથી વિભૂષિત ગૃહસ્થપણું પણ શ્રેષ્ઠ છે કેમકે તે વ્રત–દાનાદિથી સંયુક્ત છે ને ભાવિનિર્માણનું કારણ છે.
- મુનિનાં વ્રત સહિત, સર્વસંગરહિત, દેવોથી પૂજ્ય એવું જિનરૂપ, તે પણ સમ્યગ્દર્શન વગર શોભતું નથી;– એ તો પ્રાણ વગરના સુંદર શરીર જેવું છે.
- દર્શનરહિત જીવ કદી નિર્વાણ પામતો નથી. સમ્યક્ત્વથી અલંકૃત જીવ કદાચિત્ ચારિત્રાદિથી ચ્યુત થઈ ગયો હોય તોપણ ફરીને ચારિત્ર પામીને મોક્ષ પામશે.
- જેમ નેત્રહીન જીવ રૂપને જાણતો નથી તેમ સમ્યક્ત્વચક્ષુ વગરનો અંધ જીવ દેવ–ગુરુને કે ગુણ–દોષને જાણતો નથી.
- જેમ પ્રાણવગરના શરીરને મૃતક કહેવાય છે, તેમ દૃષ્ટિહીન જીવને ચાલતું–મૃતક કહેવાય છે.
- સમ્યક્ત્વ સહિત જીવ ભલે માત્ર નમસ્કારમંત્રને જ જાણતો હોય તોપણ ગૌતમાદિ ભગવંતો તેને સમ્યગ્જ્ઞાની કહે છે. અને સમ્યક્ત્વ વગરનો જીવ ૧૧ અંગને જાણતો હોય તોપણ તેને અજ્ઞાની કહ્યો છે.
- અહો, આ સમ્યગ્દર્શન છે તે જ્ઞાન–ચારિત્રનું બીજ છે, મુક્તિસુખનું દાતાર છે, ઉપમારહિત અમૂલ્ય છે; તેને હે જીવ ! તું સુખને માટે ગ્રહણ કર.
- જેણે પોતાના સમ્યક્ત્વરત્નને સ્વપ્નમાં પણ મલિન કર્યું નથી તે જીવ જગતમાં ધન્ય છે–પૂજ્ય છે–વંદ્ય છે અને ઉત્તમ બુધજનો વડે પ્રશંસનીય છે.
- દૃષ્ટિરત્ન સહિત તે જીવ જ્યાં જાય ત્યાં અનેક મહિમાયુક્ત, અને સર્વે ઇંદ્રિયસુખની મધ્યમાં રહેવા છતાં ધર્મસહિત રહે છે, અને કલ્યાણ–પરંપરા સહિત, ત્રણલોકને આશ્ચર્ય કરનાર એવા ધર્મચક્રવડે શોભે છે; અનંત મહિમાયુક્ત, દર્શનીય અને સુખની ખાણ એવી તીર્થંકરવિભૂતિને પણ તે ઉત્તમ ધર્માત્મા પામે છે.

❁ અધિક શું કહેવું? જગતમાં જેટલા સુખ છે તે બધા સર્વોત્કૃષ્ટપણે સમ્યગ્દષ્ટિને પ્રાપ્ત થાય છે.

एतत् समयसर्वस्वम् एतत् सिद्धांतजीवितम्।
एतत् मोक्षगतेः बीजं सम्यक्त्वं विद्धि तत्त्वत।।

વિધિપૂર્વક ઉપાસવામાં આવેલું આ સમ્યક્ત્વ તે સમયનું સર્વસ્વ છે–સર્વ શાસ્ત્રનો તે સાર છે, તે સિદ્ધાંતનું જીવન છે–પ્રાણ છે, અને તે જ મોક્ષગતિનું બીજ છે.

**સમ્યક્ત્વ છે તે સાર છે, તે સમયનું સર્વસ્વ છે;**
**સિદ્ધાંતનું તે જીવન છે ને મોક્ષનું તે બીજ છે.**
**વિધિ જાણીને બહુમાનથી આરાધજો સમ્યક્ત્વને.**
**સહુ સુખ એવા પામશો, આશ્ચર્ય થાશે જગતને.**

❁ શુદ્ધ સમ્યક્ત્વના આરાધક ધર્માત્માને મોક્ષસુખ પ્રાપ્ત થાય છે,–ત્યાં સ્વર્ગની શી વાત?

❁ નિરતિચારસમ્યક્ત્વના ધારકને ત્રણલોકમાં અલભ્ય શું છે?–જગતમાં કાંઈ તેને અલભ્ય નથી.

❁ સમ્યગ્દર્શનના પ્રતાપથી મુનિઓને એવું મોક્ષસુખ થાય છે કે જે સ્વયંભૂ છે,–અસારભૂત એવા ઈંદ્રિયવિષયોથી જે પાર છે, દેહાદિ ભારથી જે રહિત છે, ઉપમારહિત છે, અત્યંત સાર છે ને સંસારથી પાર છે; રોગ–જન્મ–શંકા–બાધા તેમાં નથી.

❁ અહો, આ સમ્યગ્દર્શન સકલ સુખનું નિધાન છે, સ્વર્ગ–મોક્ષનું દ્વાર છે, નરકગૃહને બંધ કરનારું કમાડ છે, કર્મરૂપી હાથીનો નાશ કરવા માટે સિંહ જેવું છે, દુરિત વનને છેદનાર કુહાડો છે ને સમસ્ત સુખની ખાણ છે. સમસ્ત પ્રકારના સંદેહરહિત આવા સમ્યક્ત્વને હે ભવ્ય! તું ભજ!

❁ વળી હે મિત્ર! કર્મરૂપી પર્વતના ચુરેચૂરા કરવા માટે વજ્રપાત સમાન, દુઃખદાવાનળને શાંત કરવા માટે ધોધમાર મેઘસમાન, સારભૂત એવા મોક્ષસુખને દેનાર ને ગુણનું ઘર–એવું આ સમ્યગ્દર્શન છે, તેને મોક્ષને અર્થે તું ભજ!

અહો, આ સમ્યગ્દર્શન છે તે મોક્ષફળ દેનારું સાચું કલ્પવૃક્ષ છે; જિનવર–વચનની શ્રદ્ધા તેનું મૂળ છે, તત્ત્વશ્રદ્ધા તેનું મજબુત થડ છે, સમસ્ત ગુણની ઉજ્જવળતારૂપ જળસીંચનવડે તે વર્દ્ધમાન છે, ચારિત્ર તેની શાખાઓ છે; સર્વે સમિતિ તે તેનાં પત્ર–પુષ્પ છે; અને મોક્ષસુખરૂપી ફળવડે તે લચી રહ્યું છે,–આ રીતે સમ્યગ્દર્શન તે સર્વોત્તમ કલ્પવૃક્ષ છે. અહો જીવો ! તેનું સેવન કરો.

( એ કલ્પવૃક્ષની મધુરી છાયા લેનાર પણ મહા ભાગ્યવાન છે. )

તે ઉત્તમ પુરુષો ધન્ય છે, કૃતકૃત્ય છે, ત્રણલોકમાં પૂજ્ય છે, તેઓ જ સાર–અસારનો વિચાર કરવામાં ચતુર છે, પાપશત્રુનો તેઓ વિધ્વંસ કરનાર છે, અને તેઓ સર્વ સુખને ભોગવીને મુક્તિમહેલમાં પધારે છે,–કે જેઓ સારભૂત સર્વ ગુણોનું ઘર અને અજોડ એવા સમ્યગ્દર્શનને ધારણ કરે છે.

હે ભવ્ય જીવો ! તમે પણ આવા સમ્યક્ત્વને આજે જ ધારણ કરો.

[ ईति सम्यक्त्व-महिमा ]

*** ભવસમુદ્રને તરવાનું જહાજ ***

સમ્યક્ત્વ તે તો ભવસાગરને તરવાનું જહાજ છે, શુભરાગ તે કાંઈ ભવસાગરને તરવાનું જહાજ નથી; પરંતુ તે તો ઊલ્ટો બોજો છે.

તે બોજાને કાઢી નાંખીને ભવસાગરને તરાશે;

તે બોજાને રાખીને ભવથી નહિ તરાય. માટે-

**તેથી ન કરવો રાગ જરીયે ક્યાંય પણ મોક્ષેચ્છુએ;**
**વીતરાગ થઈને એ રીતે તે ભવ્ય ભવસાગર તરે.**

# મહાવીરપ્રભુના મોક્ષનો મહોત્સવ

આપણા મોક્ષમાર્ગના નેતા ને ધર્મતીર્થના નાયક ભગવાન શ્રી વર્દ્ધમાન જિનેન્દ્રદેવના નિર્વાણમહોત્સવના આ અઢી હજારમા મહાન વર્ષમાં તેમના પ્રત્યે પવિત્ર અંજલિરૂપ લેખમાળાનો આ ચોથો લેખ છે. (૪)

## મહાવીરનો માર્ગ

જ્ઞાન અને રાગની ભિન્નતાના સૂક્ષ્મ બોધવાળો જીવ મહાવીરપ્રભુના વીતરાગમાર્ગને પામવાને પાત્ર છે.

એકલા ઈંદ્રિયજ્ઞાનવડે કે શુભરાગવડે મહાવીરનો માર્ગ પામી શકાતો નથી.

ચૈતન્યની અનુભૂતિ પાસે ઈંદ્રિયજ્ઞાન તેમજ શુભરાગ તો સ્થૂળ છે, તેનામાં ચૈતન્યતત્ત્વને પકડવાની તાકાત નથી.

ચૈતન્યતત્ત્વને સમજવા માટે જ્ઞાનને સૂક્ષ્મ (ઈંદ્રિયોથી ને રાગથી પર) કરવું જોઈએ.

સૂક્ષ્મબુદ્ધિથી સ્વ–પરને ભિન્ન ઓળખીને, વારંવાર અંતરમાં સ્વતત્ત્વનો ઊંડો પરિચય કરતાં તેનો અપૂર્વ અનુભવ થાય છે.–ને તે જ પ્રભુ મહાવીરનો માર્ગ છે.

## ત્રણ વાત

જુઓ, આમાં ત્રણ વાત આવી–

૧. સૂક્ષ્મબુદ્ધિથી સ્વ–પરનું ભેદજ્ઞાન.

૨. સ્વતત્ત્વનો વારંવાર પરિચય.

૩. અનુભવ.

❀ પ્રથમ તો સર્વજ્ઞના માર્ગઅનુસાર પરીક્ષા કરીને, સૂક્ષ્મબુદ્ધિથી સ્વ–પરને જુદા જાણવા.

❀ સ્વ–પરને જુદા જાણીને શું કરવું?

આત્માના સ્વભાવનો જ પરિચય કરવો, ને પરનો પરિચય છોડવો. પરને જાણવાનું તો કહ્યું પણ તેનો પરિચય કરવાનું ન કહ્યું. પરિચય, વારંવાર અભ્યાસ તો પોતાના ચૈતન્યતત્ત્વનો કરવો. રાગનો પરિચય ન કરવો. સ્વ–પરને ભિન્ન જાણીને પરથી જુદા પોતાના ચૈતન્યસ્વભાવના સદ્ભાવનો પરિચય કરવો,–ઊંડો વિચાર કરવો.

❁ સ્વભાવનો પરિચય કરતાં શું થાય ?

તેનો સાક્ષાત્ અનુભવ થાય. માટે પરથી ભિન્ન પોતાનો જે પરમ આનંદસ્વભાવ, તેમાં વારંવાર સન્મુખતા કરીને અત્યંત રસથી તેનો પરિચય કરવો. અનંત સ્વભાવરૂપ ચૈતન્યસત્તા પોતે છે. તેનો પરિચય કહો, સંગ કહો, પ્રેમ કહો, તન્મય પરિણામ કહો, એકાગ્રતા કહો,–તેના ફળમાં અપૂર્વ શાંતરસનો અનુભવ થાય છે.

–આ પરમાર્થ સત્સંગ છે; 'સત્' એવી પોતાની ચૈતન્યસત્તા, તેનો સંગ એટલે કે અનુભવ, ને સાચો 'સત્–સંગ' છે. જેણે પરસંગ છોડીને આવા સત્નો સંગ કર્યો તે જીવ મોક્ષના માર્ગમાં આવ્યો; ને તેણે સંસારનો સંગ છોડયો. અનાદિથી પોતાના અસંગ ચૈતન્યતત્ત્વનો સંગ છોડીને અજ્ઞાનીએ રાગનો ને પરનો સંગ કર્યો–એટલે કે અસત્–સંગ કર્યો; તેથી તે સંસારમાં દુઃખી થયો. તે અસત્–સંગ છોડીને હવે સત્નો સંગ કર્યો, ચૈતન્યના સદ્ભાવરૂપ સત્નો સંગ કર્યો–પરિચય કર્યો–અનુભવ કર્યો. તે જીવ ધર્મી થયો ને મોક્ષના માર્ગમાં આવ્યો.

## જ્ઞાનગોષ્ટી-

### એક જ અક્ષરમાં સાત શક્તિ

– વા – વ – વા – વા – વ – વ – વ – વા – વા – વ – વ

* અહીં ૧૧ અક્ષર આપેલા છે, ને ૧૧ લીટી છે. તે ૧૧ લીટીની જગ્યાએ એકેક અક્ષર મૂકવાનો છે.
* તે અગિયાર અક્ષરો જુદીજુદી જાતના નથી, પણ એક જ જાતના એકસરખા અક્ષર છે.
* બધી લીટીની જગ્યાએ તે એક જ અક્ષર મુકવાથી આત્માની ૭ શક્તિનાં નામ બની જાય છે. ( સમયસારમાં તે સાતે શક્તિ એકસાથે વર્ણવી છે. )

જો શબ્દ બરાબર છૂટા પાડતાં આવડે તો સાત શક્તિનાં નામ થઇ જાય છે.

બસ, તમારે તો એક જ અક્ષર શોધીને ૧૧ ખાનાં ભરી દેવાનાં છે. એક જ અક્ષર શોધતાં તમને સાત શક્તિ મળશે–કેવો સરસ લાભ !–તો લ્યો હાથમાં સમયસાર...ને માંડો તે શોધવા !

# 卐 અમે તો મહાવીરનાં સંતાન 卐

**(૧) હંમેશા જિનમંદિર જવું; (૨) શાસ્ત્રવાંચન કરવું; (૩) જૈનમાર્ગનું જ સેવન કરવું. (૪) રાત્રે ખાવું નહીં (૫) અળગણ પાણી પીવું નહીં (૬) સિનેમા જોવું નહીં.-આ છ બોલનું પાલન કરો.**

શ્રી મહાવીરનિર્વાણના ૨૫૦૦ વર્ષના મહોત્સવનિમિત્તે પોતાના હિત માટે ઓછામાં ઓછું ઉપરનાં છ બોલનું પાલન કરો. અને આપનું નામ અહીં 'મહાવીર–પરિવાર' માં છાપવા માટે લખી મોકલોઃ

–સંપાદક આત્મધર્મઃ સોનગઢ (૩૬૪૨૫૦)

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૬૫ | મણિલાલ મગનલાલ | ભાવનગર | ૮૪ | અમૃતલાલ પદમશી શાહ | વાંકાનેર |
| ૬૬ | શ્રીમતી મંગુબેન અમૃતલાલ | ફતેપુર | ૮૫ | અરવીંદ જયંતિલાલ માવાણી | ગોંડલ |
| ૬૭ | શાંતિલાલ કપૂરચંદ શાહ | કલકતા ૨૬ | ૮૬ | કીરણબેન ગોપાણી | અમદાવાદ |
| ૬૮ | પ્રભાવતીબેન નંદલાલ મહેતા | સોનગઢ | ૮૭ | જયોત્સનાબેન ચંપકલાલ દોશી | જુનાગઢ |
| ૬૯ | ચતુરભાઈ ડી. રજાત | ઉખરેલી | ૮૮ | પ્રફૂલ્લાબેન લાલચંદ | લીંબડી |
| ૭૦ | રૂમાલભાઈ લાલજીભાઈ બામણીયા | લીંબડી | ૮૯ | કલ્પનાબેન લાલચંદ | લીંબડી |
| ૭૧ | નરેન્દ્રકુમાર લહેરચંદ દોશી | સાવરકુંડલા | ૯૦ | સુવર્ણાબેન લાલચંદ | લીંબડી |
| ૭૨ | વિજયકુમાર લહેરચંદ દોશી | સાવરકુંડલા | ૯૧ | મંગળાબેન વાડીલાલ | લીંબડી |
| ૭૩ | ભરતકુમાર લહેરચંદ દોશી | સાવરકુંડલા | ૯૨ | ખેતશી પોપટભાઈ | જામનગર |
| ૭૪ | ભાવનાબેન લહેરચંદ દોશી | સાવરકુંડલા | ૯૩ | પાનકુંવરબેન ખેતશીભાઈ | જામનગર |
| ૭૫ | શૈલેષકુમાર લહેરચંદ દોશી | સાવરકુંડલા | ૯૪ | જયંતીલાલ ચમનલાલ દોશી | વઢવાણસીટી |
| ૭૬ | પપ્પુ લહેરચંદ દોશી | સાવરકુંડલા | ૯૫ | હર્ષદાબેન જીતેન્દ્રકુમાર મોદી | સોનગઢ |
| ૭૭ | જાગૃતિબેન લહેરચંદ દોશી | સાવરકુંડલા | ૯૬ | કંચનબેન વાલજીભાઈ | લીંબડી |
| ૭૮ | જવેરબેન જૈન | મુંબઈ–૧૬ | ૯૭ | દેવજી એચ. ધારીયા | મુંબઈ–૩૪ |
| ૭૯ | સોનલબેન હસમુખલાલ વોરા | સુરેન્દ્રનગર | ૯૮ | જેઠાલાલ હંસરાજ દોશી | સીકંદરાબાદ |
| ૮૦ | કિરણબેન રમેશચન્દ્ર શાહ | સુરેન્દ્રનગર | ૯૯ | લલ્લુભાઈ દેવચંદ | સદાજીના મુવાડે |
| ૮૧ | મંગળભાઈ હરિભાઈ જૈન | સરાર | ૧૦૦ | હીરાલાલજી ગંગવાલ | ઈંદોર |
| ૮૨ | શાંતિલાલ છોટાલાલ શાહ | સરાર | ૧૦૧ | ઉમાબાઈ | ઈંદોર |
| ૮૩ | ભાઈલાલભાઈ મોતીભાઈ પટેલ | સરાર | ૧૦૨ | સૌ. સુશીલાબાઈ બાબુલાલજી | ઈંદોર |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૦૩ | ચેતનાબેન પ્રેમજીભાઈ જૈન | ઈંદોર | ૧૧૫ | રતનલાલ મહેતા | ઝાબુઆ |
| ૧૦૪ | ભીમજીભાઈ રામભાઈ | કાનાતળાવ | ૧૧૬ | અંજલીબેન શાંતિલાલ શાહ | રાજકોટ |
| ૧૦૫ | રૂપાબેન પ્રવિણચંદ્ર કોઠારી | રાજકોટ | ૧૧૭ | ગીતાબેન શાંતિલાલ શાહ | રાજકોટ |
| ૧૦૬ | વિકાસ પ્રવિણચંદ્ર કોઠારી | રાજકોટ | ૧૧૮ | શીલાબેન પી. કામદાર | હૈદ્રાબાદ |
| ૧૦૭ | સોનલબેન પ્રવિણચંદ્ર કોઠારી | રાજકોટ | ૧૧૯ | ખેમચંદ ખાતુજી જૈન | બાવલવાડા |
| ૧૦૮ | વર્ષાબેન પ્રવિણચંદ્ર કોઠારી | રાજકોટ | ૧૨૦ | ધારસીભાઈ જટાશંકર મહેતા | મુંબઈ–૨૨ |
| ૧૦૯ | શેઠ મોહનલાલ હરખચંદ | ધ્રાફા | ૧૨૧ | વેલજીભાઈ વિઠ્ઠલભાઈ જૈન | ઉમરાળા |
| ૧૧૦ | મહેતા નેમચંદ કસ્તૂરચંદ | ફતેપુર | ૧૨૨ | મોંઘીબેન વેલજી જૈન | ઉમરાળા |
| ૧૧૧ | મહેતા કોદરીબેન નેમચંદ | ફતેપુર | ૧૨૩ | કીશોરકુમાર શામદેવ જૈન | ઉમરાળા |
| ૧૧૨ | મહેતા ચંપાબેન સોમચંદ | ફતેપુર | ૧૨૪ | નિર્મળાબેન કીશોરકુમાર જૈન | ઉમરાળા |
| ૧૧૩ | મહેતા મંગુબેન કેશવલાલ | ફતેપુર | ૧૨૫ | પ્રભાતભાઈ વેલજી જૈન | ઉમરાળા |
| ૧૧૪ | મહેતા ચુનીલાલ | ઝાબુઆ | ૧૨૬ | લવજીભાઈ બીજલભાઈ જૈન | ઉમરાળા |

આપને જાણીને આનંદ થશે કે શ્રીગુરુપ્રતાપે ઉમરાળા વગેરેના જિજ્ઞાસુ હરિજનભાઈઓ પણ છ બોલનું પાલન કરીને આ વિભાગમાં ઉત્સાહથી દાખલ થયા છે. આપ પણ છ બોલનું પાલન કરવા માટે કટિબદ્ધ બનો. યુવાનો! સિનેમા જોવામાં નાણાંનો ખર્ચ કરીને તેના બદલામાં ત્રણ કલાક સુધી વિષય–કષાયના એકલા અશુભ પાપ ભાવોનું ઘોલન મેળવો છો.....તેનાથી છૂટો, ને તેટલો ટાઈમ ધાર્મિકભાવનામાં ગાળો તો કેટલો લાભ થાય? ને તેટલી રકમ બચાવીને ધાર્મિક પ્રચારમાં વાપરો તો સમાજના કેટલા હજારો–લાખો રૂપિયાનો સદુપયોગ થાય? તમે હોશિયાર વીર–સંતાન થઈને જીવનમાં લાભ–નુકશાનનો શું આટલોય હિસાબ નહીં કરો?

## આત્મધર્મ-પ્રચાર તથા બાલવિભાગ માટે આવેલ રકમોની યાદી

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૧ | હોમાય બહેરામ નાઝીર (પારસી) | રાજકોટ | ૨૫ | જેકુંવરબેન એન. શાહ | કલકતા |
| ૫૧ | અંબાબેન તલસાણીયા | મુંબઈ | ૨૧ | મયંકકુમાર હસમુખલાલ ભાયાણી | ભાવનગર |
| ૨૧ | વિજયાબેન એચ. મોદી | સોનગઢ | ૧૧ | પ્રશાંત અરવીંદ મહેતા | – |
| ૨૧ | મંગળાબેન શાંતિલાલ | ભાવનગર | ૧૧ | મધુબેન ભાયાણી | ભાવનગર |
| ૧૧ | અરૂણકુમાર ચંદ્રશંકર ઠાકર | વઢવાણ | ૫૧ | મનહરલાલ મગનલાલ પારેખ | રાજકોટ |
| ૨૫ | મૂલવંતરાય ખીમચંદભાઈ ઝોબાળીઆ | કલકત્તા | ૨૫ | ઉજમબેન ચુનીલાલ શેઠ | સોનગઢ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૫ | ગંગાબેન રતિલાલ પારેખ | સોનગઢ | ૧૦૧ | છોટાલાલ મોહનલાલ કામદાર | અમદાવાદ |
| ૨૫ | નવલચંદ છગનલાલ | જામનગર | ૨૧ | ભાયાણી હરિલાલ જીવરાજ | ભાવનગર |
| ૨૧ | ભીખાલાલ ગીરધરલાલ ગોસળીયા | – | ૨૫ | પં. નિર્મલકુમાર જૈન | દમોહ |
| ૨૫ | બ્ર. ગુણીબેન મહાસુખલાલ | સોનગઢ | ૨૫ | મૃદુલાબેન બિપિનચંદ | અમદાવાદ |
| ૨૫ | બ્ર. માલતીબેન હિંમતલાલ | સોનગઢ | ૨૫ | શિવલાલ રેવાશંકર | સોનગઢ |
| ૨૫ | ચંચળબેન બરવાળાવાળા | સોનગઢ | ૨૫ | મનસુખલાલ છગનલાલ દેસાઈ | સોનગઢ |
| ૨૧ | બ્ર. સુમીત્રાબેન ભાઈલાલ શાહ | મદ્રાસ | ૨૧ | કુસુમબેન ચંદ્રકાન્ત શાહ | મદ્રાસ |
| ૨૧ | દીયાળચંદ ગુલાબચંદ | જામનગર | ૨૫ | એક મુમુક્ષુ હઃ સુભદ્રાબેન ડાયાલાલ | અમદાવાદ |
| ૧૧ | લલિતાબેન જીવણદાસ | જામનગર | | | |

( તા. ૨–૭–૭૪ સુધી )

## 卐 દસલક્ષણી પર્યુષણપર્વ 卐

સોનગઢમાં દશલક્ષણીપર્યુષણપર્વ તા. ૨૦–૯–૭૪ બીજા ભાદરવા સુદ પાંચમ શુક્રવારથી શરૂ થઈને ભાદરવા સુદ ૧૪ ને સોમવાર તા. ૩૦–૯–૭૪ સુધી ઉજવાશે. ભાદરવા સુદ દશમ બે હોવાથી ૧૧ દિવસના પર્યુષણ થશે. સુગંધદશમી બીજી દશમના રોજ ( ગુરુવારે ) ઉજવાશે.

- ખાસ ધાર્મિક પ્રવચનના આઠ દિવસો દર વર્ષની માફક શ્રાવણ વદ ૧૨ ( તા. ૧૫–૮–૭૪ ગુરુવાર ) થી શરૂ કરીને પ્રથમ ભાદરવા સુદ પાંચમ ( તા. ૨૨–૮–૭૪ ) ગુરુવાર સુધી રહેશે.
- શ્રાવણમાસનો શિક્ષણવર્ગ આ વર્ષે બંધ રહેવા સંભવ છે.

## જ્ઞાન ગોષ્ટી

* નીચેના અક્ષરોમાં આત્માની સાત શક્તિનાં નામ સમાયેલા છે. સમયસારમાં એ સાતે શક્તિનું વર્ણન એક સાથે છે. અક્ષરો આઘાપાછા કર્યા વગર તમે શબ્દોની સંધિ એવી રીતે છૂટી પાડી આપો કે સાતે શક્તિનાં નામ સ્પષ્ટ વંચાય–

भावाभावभावाभावाभावभावभावभावाभावाभावभाव

( ગુજરાતી–હિંદી–મરાઠી કે સંસ્કૃત બધી ભાષામાં એક સરખું સમજાય તેવું છે. )

## ✵ વાંચકો સાથે વાતચીત અને તત્ત્વચર્ચા ✵

### * સ્વાધીન શોભતો માર્ગ *
### માર્ગ સદા ખુલ્લો છે....
### આનંદથી ચાલ્યા આવો....

સમ્યક્ત્વાદિ મોક્ષમાર્ગ છે તે સ્વાશ્રિતભાવ છે. પરાશ્રિતભાવ અશુદ્ધ હોય છે ને સ્વાશ્રિત–ભાવ શુદ્ધ હોય છે. સ્વાશ્રિત એવા શુદ્ધભાવવડે ભવસાગરને તરાય છે–એ જૈનશાસનનો મહાસિદ્ધાંત છે. અહો, સ્વના આશ્રયે મુક્તિ ને પરના આશ્રયે બંધન–આવો મહાસિદ્ધાંત સમજાવીને વીતરાગી સંતોએ મહા ઉપકાર કર્યો છે.

જીવ પરના આશ્રયે લાભ માની–માનીને જ સંસારમાં રખડયો છે. સંતો તેને સ્વ–પરની ભિન્નતા બતાવીને સ્વનો આશ્રય કરાવે છે. સર્વે સંતોનું હાર્દ અને આખો મોક્ષમાર્ગ સ્વાશ્રયભાવમાં સમાય છે. તેમાં ક્યાંય પરાશ્રય નથી.

વાહ! કેવો સ્વાધીન શોભતો માર્ગ! હે જીવો! આનંદથી ચાલ્યા આવો...માર્ગ સદા ખુલ્લો છે.

❀ રાજકોટથી બહેન ગીતા અને અંજલિ લખે છે કેઃ આત્મધર્મમાં ભગવાન મહાવીરનું વર્ણન વાંચીને, અને ઉત્સવનાં ચિત્રો જોઈને અમે ખૂબ જ ખુશી થયા છીએ;–જાણે મંગલ શ્રી પરમાગમ મંદિર–પ્રતિષ્ઠા મહોત્સવ નજરે દેખાય છે. વાંચતાં–વાંચતાં આબેહુબ ચિત્ર ખડું થાય છે. (સાચી વાત છે બહેનો, જેમ લેખો દ્વારા ધાર્મિકભાવો રજુ થાય છે તેમ ચિત્રોદ્વારા પણ ધાર્મિકભાવો રજુ થાય છે.)

### શોધી કાઢો-

જગતમાં એક પ્રાણી એવું છે કે જો એને બાંધી રાખો તો તે બધે ઠેકાણે ફર્યા કરે. પણ જો તેને છૂટું મૂકો તો તે ક્યાંય એક પગલું ન જાય!

❀ જગતમાં સર્વજ્ઞ ભગવાનના ભક્તો ઝાઝા? કે સર્વજ્ઞ ભગવાન ઝાઝા?

❀ આત્મપ્રદેશો કેટલા છે?

–આત્મપ્રદેશો લોકપ્રમાણે અસંખ્યાત છે.

❀ તે અસંખ્યાત પ્રદેશો એકી સંખ્યામાં છે? કે બેકી સંખ્યામાં? –બેકી સંખ્યામાં છે.

❀ આત્મપ્રદેશો બેકી સંખ્યામાં છે–એ કઈ રીતે જાણ્યું?

–તે આપ વિચારીને શોધી કાઢજો....આવતા અંકમાં અમે કહેશું.

❀ “આત્મધર્મ” મળ્યું; અહો, ગુરુદેવે આપેલમંગલ પ્રભાતની બોણી અને સુપ્રભાતનું મંગલપ્રવચન વાંચી ખૂબખૂબ આનંદ થયો. સાક્ષાત્ વીતરાગમાર્ગના આવા પથિકના ચરણોમાં અમારું મસ્તક સદાય ઝૂકે છે.”

(–જ્યોત્સ્નાબેન જૈન, કલકત્તા)

❀ સાધકદશા તે જીવની ભરયુવાનદશા છે. જેમ લોકો યુવાનદશામાં કમાઈને પછી શાંતિથી રહે છે તેમ હે જીવ ! અત્યારે આ તારે ધર્મની કમાણીનો સરસ મજાનો અવસર છે, ખૂબ ઉદ્યમપૂર્વક તું ધર્મની કમાણી કરી છે...પછી મોક્ષમાં બેઠોબેઠો અનંતકાળ સુધી શાંતિથી તેનું ફળ ભોગવજે.

❀ બે સાધર્મી ચર્ચા કરતા હતાઃ–

એકે પૂછયું–આત્મા પોતાની પર્યાયનો કર્તા છે એ વાત સાચી છે ?

બીજાએ કહ્યું–હા; કર્તા–કર્મના સ્વરૂપની અપેક્ષાએ તે સત્ય છે, કે આત્મા પોતાની પર્યાયને કરે છે. પણ અભેદઅનુભૂતિનું વર્ણન હોય ત્યારે તેમાં કર્તા–કર્મના ભેદ ન આવે; તેમાં તો દ્રવ્ય–ગુણ–પર્યાયના એક અભેદ સત્ત્વરૂપ શુદ્ધઆત્મા જ આવે.

❀ પ્રશ્નઃ– દુઃખપ્રસંગે કે વૈરાગ્યપ્રસંગે શું વિચારવું ?

ઉત્તરઃ– વૈરાગ્યપ્રસંગે અને સત્સંગને પોતાના હિતનું નિમિત્ત બનાવવું તે કર્તવ્ય છે. દેહથી આત્મા જુદો છે ને જાુદો પડવાનો જ છે. પણ તેવો પ્રસંગ આવ્યા પહેલાં, અત્યારથી જો તેનું થોડુંક પણ લક્ષ રાખ્યું હોય તો જીવનું ઘણું હિત થાય, ને નજીવી બાબતોમાં મમતાથી સંસારમાં જે કલેશ ઉભા થાય છે તે બધા મટી જાય, જીવનમાં કોઈ અનેરી શાંતિ અનુભવાય. કોઈ પણ પ્રસંગે પોતાની શાંતિનું ધ્યેય મુમુક્ષુએ ચૂકવું નહીં.

દેહ અને આત્મા જુદા થવાના છે એ તો નક્કી જ છે, તો એવું કાંઈક કરીએ કે જેથી આત્માને લાભ થાય, ને આપણું જૈનપણું શોભી ઊઠે.

## * શ્રુતના શબ્દો આત્માના વાચક છે,-પણ ક્યારે ?

“ હે ચૈતન્યપ્રભુ ! તારો મહિમા શું લખ્યે પાર પડે તેવો છે ? ”–જોકે એકલા શબ્દોથી પાર ન પડે....પણ–હા ! સંતોએ દ્રવ્યશ્રુતમાં એનાં રહસ્યો ભર્યા છે, તે દ્રવ્યશ્રુતના વાચ્યની સંધિ ભાવશ્રુતજ્ઞાન વડે કરે તો જીવને ચૈતન્યનો પરમ ગંભીર મહિમા અલ્પ શબ્દ દ્વારા પણ વાચ્યરૂપ થઈ જાય છે. ‘વાચ્ય’ તરફ જ્ઞાનને લંબાવ્યા વગર એકલા વાચક શબ્દો કાંઈ કાર્યકારી નથી, તેને ખરેખર ‘વાચક’ સંજ્ઞા પણ મળતી નથી. વાચ્ય સાથે સંધિ હોય તેને જ ‘વાચક’ કહેવાય. એટલે ભાવશ્રુત–સાપેક્ષ દ્રવ્યશ્રુત તે જ ખરું દ્રવ્યશ્રુત છે.

## * તું જ તારો સદાનો સાચો સાથીદાર

આત્મા સૌથી સુંદર મહાન વસ્તુ છે–એ પોતાની સાચી મૂડી છે, એ જ પોતાનો સાચો સગોને સાથીદાર છે ને એ જ એક સાચો આનંદ દેનાર છે. એનું ચિંતન શાંત ભાવથી કરો.

“જીવને નથી કંઈ ધ્રુવ...
ધ્રુવ ઉપયોગ-આત્મક જીવ છે.”

## સમ્યક્ત્વ થતાં અમર થયા-

**અબ હમ...અમર ભયે ન મરેંગે................ અબ હમ...**
**તનકારન મિથ્યાત દિયો તજ, કયોં કરિ દેહ ધરેંગે? અબ હમ૦**
**ઉપજે-મરે કાલતેં પ્રાની તાતેં કાલ હરેંગે,**
**રાગ-દ્વેષ જગ બંધ કરત હૈ, ઈનકો નાશ કરેંગે... અબ હમ૦**
**દેહ વિનાશી, મૈં અવિનાશી, ભેદજ્ઞાન કરેંગે;**
**નાસી જાસી, હમ થિરવાસી, ચોખે હૈ નિખરેંગે... અબ હમ૦**
**મરે અનંતબાર બિન સમઝેં અબ સબદુઃખ વિસરેંગે**
**‘દ્યાનત’ નિપટ-નિકટ દો અક્ષર, બિન સુમરે સુમરેંગે... અબ હમ૦**

❁ વઢવાણ શહેરમાં શ્રી દિ. જિનમંદિરના શિલાન્યાસનું મંગલમૂહૂર્ત અષાડ સુદ આઠમના મંગલદિવસે હર્ષોલ્લાસપૂર્વક થયું હતું. શિલાન્યાસ કરવાનો લાભ વઢવાણના ભાઈશ્રી ચંદુલાલ જગજીવનદાસ પારેખે લીધો હતો; સોનગઢથી પૂ. બેનશ્રી–બેન પણ પધાર્યા હતા, ને શિલાન્યાસની મંગલવિધિમાં પૂ બંને બહેનોએ આનંદપૂર્વક ભાગ લીધો હતો. વઢવાણ એક તો વર્દ્ધમાનપ્રભુની વિહારભૂમિ, બીજું ભગવાનના નિર્વાણગમનનું ૨૫૦૦ મું વર્ષ, અને ત્રીજું પૂ. શ્રી ચંપાબેનનું મંગલજન્મધામ,–તેથી ભક્તજનોને વિશેષ ઉલ્લાસ હતો. શેઠશ્રી પોપટભાઈ વોરા, રમણીકભાઈ તલકશી, તથા ચીમનલાલ હિંમતલાલ વગેરેએ ઉલ્લાસપૂર્વક જિનમંદિર માટે ફાળો આપ્યો હતો. શિલાન્યાસ માટેની વિધિ ભાઈશ્રી હિંમતલાલ જે. શાહે કરાવી હતી. વર્દ્ધમાનપુરીનું ભવ્ય જિનમંદિર વેલુંવેલું તૈયાર થાય, ને પંચકલ્યાણકપૂર્વક વીરનાથ જિનેન્દ્ર વર્દ્ધમાનપુરીમાં વેલાવેલા પધારે–એવી ભાવના સાથે, વઢવાણના મુમુક્ષુઓને ધન્યવાદ! (આ અગાઉ વઢવાણમાં એક દિ. જિનમંદિર તો છે જ.) *

**હર્ષ-ખેદથી પાર જે, એવો જ્ઞાનસ્વભાવ;**
**તે સ્વભાવ આરાધતાં અપૂર્વ શાંતિ પમાય.**

# આત્માના અનુભવની ઊંચી વાત !

[ ઊંચી તો ખરી–પણ થાય તેવી–ને જરૂર કરવા જેવી. ]

કોઈ કહે કે આત્માના અનુભવની આ ઘણી મોટી વાત,-એવો અનુભવ તો કોણ જાણે કોને થતો હશે !

તો કહે છે કે હે ભાઈ ! ગૃહસ્થાશ્રમમાં રહેલા જીવો કરી શકે, એટલે તારાથી પણ થાય-એવી આ વાત છે. અરે, તું જૈન થયો, જિનવરના માર્ગમાં આવ્યો, અને ભગવાને કહેલા આત્માનું જ્ઞાન તને ન થઈ શકે-એ કેમ બને ? ભગવાને જે કાંઈ કર્યું તે બધુંય કરવાની તાકાત તારામાં છે. તારી નિજશક્તિને તું સંભાળ-એટલી જ વાર છે. આત્માના અનુભવની વાત ઘણી ઊંચી છે-એ ખરૂં, પણ તે તારાથી થઈ શકે તેવી છે. ઊંચી છે-માટે નહિ થઈ શકે એમ નથી. એટલે આ વાતને ઊંચી સમજીને તેનો વધુ મહિમા લાવજે, ને તેમાં વધુ પ્રયત્ન કરજે; પણ ઊંચી છે-એમ કહીને તેનો પ્રયત્ન છોડી દઈશ મા ! વાત ઊંચી છે ને પોતાના પરમ હિતની છે, માટે સર્વ ઉદ્યમથી તે શ્રદ્ધા-જ્ઞાનમાં લેવા જેવી છે. ઊંચી કહીને કાઢી નાંખવા જેવી નથી. અરે, આત્માને સમજવાનો આવો કિંમતી અવસર ગુમાવી ન દઈશ. ગૃહસ્થપણા વચ્ચે રહેલો ચોથા ગુણસ્થાનવાળો જીવ પણ આવા આત્માનો અનુભવ કરે છે, ને તે જીવ તત્ત્વજ્ઞાની છે, વિચક્ષણ છે, મોક્ષને સાધવામાં ચતુર છે, વિવેકી છે, શાસ્ત્રોએ કહેલા સિદ્ધ જેવા આત્માને અંતરની દૃષ્ટિમાં લઈને તેના અતીન્દ્રિય આનંદનું વેદન તેણે કર્યું છે. અને આવા આત્માને જે જાણતો નથી તેનું બીજું બધું ભણતર તો થોથાં જેવું છે, તેમાં કાંઈ સાર કે હિત નથી, તેના વડે મોક્ષનો માર્ગ સધાતો નથી. અરે, જે કરવાથી આત્મા ભવથી ન છૂટે ને આત્માને મોક્ષસુખનો સ્વાદ ન આવે, તે તો બધું અસાર છે; માટે તેનાથી પાછો ફર ને આત્માનું હિત થાય તેમ કર. *

- મધ્યપ્રદેશમાં છિન્દવાડા, ઇંદોર તથા વિદિશા, અને દાહોદમાં ગતમાસમાં શિક્ષિર શિબિરો ચાલેલી, તે પ્રસંગે વિદ્વાનોના પ્રવચનોમાં તેમજ શિક્ષણ-વર્ગમાં હજારો જિજ્ઞાસુઓએ ઉત્સાહથી લાભ લીધો હતો. વિશેષ સમાચાર હિંદી-આત્મધર્મમાંથી જાણી લેવા. *

ફોન નં. ૩૪ “આત્મધર્મ” Regd. No. G. 128



# આત્મામાં ઊંડે-ઊંડે.........સંસારથી દૂર-દૂર ભવ્ય મુમુક્ષુજીવની આનંદ તરફ ઢળતી દશા

હે મુમુક્ષુ ભવ્ય આત્મા! આ સંસારની અશાંતિથી તું થાકયો છે ને હવે કોઈ પરમ શાંતિનું વેદન કરવા તું ચાહે છે, તો તેને માટે તું સંસારના રાગથી છૂટો પડીને જ્યાં શાંતિ ભરી છે એવા અંતર્‌તત્ત્વનો સંગ કરજે, વારંવાર તેનો પરિચય કરજે.

હે ભવ્ય! જે મહાન કાર્ય તીર્થંકરોને સાધ્યું તે મહાન કાર્ય તારે સાધવાનું છે; તો હવે તું લૌકિક જનોની જેમ પ્રવર્તીશ નહિ, લોકોત્તર એવા અપૂર્વ ભાવે ભગવાનના માર્ગમાં આવજે.

હે ભાઈ! અત્યારસુધી તું અશાંતિમાં જ રહ્યો છો; સાચી શાંતિ તેં કદી જોઈ નથી; એટલે માર્ગને સાધતાં જરાક વાર લાગે તો તું થાકીશ નહિ, શિથિલ થઈશ નહિ, પણ મહાન ઉત્સાહપૂર્વક એમાં જ લાગ્યો રહેજે...માર્ગ જરૂર ખુલી જશે. માર્ગ તો ખુલ્લો જ છે...જરૂર છે તેની સાચી ભાવનાની.

ચૈતન્યભાવનાનો વારંવાર પરિચય કરતાં મુમુક્ષુ અંદર આત્મામાં ઊંડે-ઊંડે ઊતરે છે, ત્યારે તેને કંઈક એવું વેદન થાય છે કે-અરે! અમે આ સંસારના જીવ નથી, આવી અશાંતિ વચ્ચે અમે રહી શકીએ નહિ; અમે તો શાંતિથી ભરેલી કોઈ બીજી જ નગરીના છીએ; પંચપરમેષ્ઠીભગવંતો જેમાં વસે છે એવી કોઈ અદ્‌ભુત નગરી તે જ અમારો દેશ છે. સંસારથી દૂર-દૂર......અંદરમાં ઊંડેઊંડે અમારો ચૈતન્યદેશ છે.-આમ તે મુમુક્ષુના પરિણામ સંસારથી હટીને ચૈતન્યની શાંતિમાં પ્રવેશી જાય છે; અને તેમાં પ્રવેશીને પોતાના અદ્‌ભુત ચૈતન્યનિધાન દેખતાં તેને જે અપૂર્વઆત્મિક આનંદ-શાંતિ ને તૃપ્તિ વેદાય છે તેની શી વાત! (ત્યાં ચૈતન્યના આનંદબગીચા ખીલી ઉઠે છે.)

પ્રકાશક : શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ (સૌરાષ્ટ્ર) પ્રત : ૩૬૦૦
મુદ્રક : મગનલાલ જૈન, અજિત મુદ્રણાલય : સોનગઢ (364250) : અષાઢ (૩૬૯)